દેશ-પરદેશની
# આજકાલ
Dhanraj Group
અમદાવાદ, રાજકોટ, જામનગર, ભાવનગર અને
પોરબંદરથી એક સાથે પ્રગટ થતું એક માત્ર દૈનિક
અમદાવાદ
બુધવાર
Dt.29-5-2024
▸ અંક : ૧૧, વર્ષ - ૨૭ ▸ વૈશાખવદ - ૬ ▸ સં. : ૨૦૮૦ ▸ કિંમત રૂા. ૧.૦૦ ▸ હે.ઓ. ધનરજની કોમ્પલેક્ષ, રાજકોટ ફોન : ૦૨૮૧-૨૪૮૧૫૫૬/૫૭ ફેક્સ : ૦૨૮૧-૨૪૮૧૫૫૯ ▸ RNI No. GUJ/GUJ/1998/01054 ▸ PO.NO.: GAM 1471

# પૂર્વ ટીપીઓ સાગઠિયા મુખ્ય આરોપી ?

## સાગઠિયા અને સસ્પેન્ડ થયેલા અન્ય સાત અધિકારીઓને આરોપી બનાવી ગુનો નોંધાય તેવી વકીઃ કમિશનર પર પણ તવાઈ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

પશ્ચિમ રાજકોટમાં વોર્ડ નં.૧૦માં કાલાવડ રોડ ઉપર ધમધમતા ટીઆરપી ગેમઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડમાં માસૂમ બાળકો સહિત ૩૦થી વધુ નિર્દોષ નાગરિકો બળીને ભડથું થઈ ગયાની દુર્ઘટના મામલે ગઈકાલે સાત અધિકારીઓને સસ્પેન્ડ કર્યા બાદ હવે તપાસનો દોર આગળ ધપી રહ્યો છે. આ સમગ્ર દુર્ઘટના મામલે મ્યુનિ. ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી.સાગઠિયા ઉપરાંત ગઈકાલે સસ્પેન્ડ કરાયેલા અન્ય સાત અધિકારીઓને આરોપી બનાવીને ગુનો નોંધાશે તેવી સંભાવના સુત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.



અગ્નિકાંડ મામલે ચાલતી તપાસમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ બ્રાન્ચની મુખ્ય જવાબદારી થતી હોય આ દુર્ઘટના મામલે ટાઉન પ્લાનિંગ બ્રાન્ચ દ્વારા ફરજમાં દાખવવામાં આવેલી બેદરકારીની ઉંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે જેમાં પ્રાથમિક તપાસ બાદ ત્વરિત શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે ગત સાંજે શહેરી વિકાસ વિભાગના સંયુક્ત સચિવ દ્વારા તાકિદનો હુકમ કરી ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી.સાગઠિયાનો કાર્યભાર છીનવી લઈ તેમનો ચાર્જ રૂડાના અધિકારી એસ.એમ.પંડ્યાને સોંપવામાં આવ્યો છે. જો કે હાઈકોર્ટની રાજ્ય સરકાર અને રાજકોટ મ્યુનિસિપલ કમિશનરને ફટકાર બાદ હજુ આ તો શિક્ષાત્મક કાર્યવાહીની તદ્દન શરૂઆત છે હજુ વધુ આકરા પગલાં તોળાઈ રહ્યા છે.

ટીપીઓ સાગઠિયા પાસેથી તેમનો કાર્યભાર તો છીનવી જ લેવાયો છે સાથે શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે તેમને ક્યાંય પોસ્ટિંગ અપાયું પણ નથી, ટાઉન પ્લાનિંગ બ્રાન્ચના વડા તરીકે તેમની સામે હજુ આકરા પગલાં તોળાઈ રહ્યા છે તેમ સુત્રોમાંથી જાણવા મળે છે.

ટીઆરપી ગેમ ઝોન જુલાઈ-૨૦૨૧થી શરૂ થયો હતો અને અગ્નિકાંડ સર્જાયો તા.૨૫-૫-૨૦૨૪ની સાંજે. ચાર-ચાર વર્ષ સુધી ટાઉન પ્લાનિંગ બ્રાન્ચની કોઈ પણ પ્રકારની મંજૂરી વિના આટલો વિશાળ ગેરકાયદે ગેમઝોન ધમધમતો રહ્યો અને ક્યારેય કોઈએ તપાસ કરી જ નહીં ? તેવું કેમ બન્યું તે બાબતે હાઈકોર્ટએ પણ ખુલાસો માંગ્યો છે.

ટીપીઓ એમ.ડી.સાગઠિયા ૨૦૧૫-૨૦૧૬થી મતલબ કે સળંગ છેલ્લા નવ વર્ષથી ટાઉન પ્લાનિંગ ઓફિસર તરીકે કાર્યરત છે છતાં ટીઆરપી ગેમઝોન મામલે તેમણે ક્યારેય કેમ કોઈ કાર્યવાહી ન કરી ? તે બાબત અંગે પણ તપાસ ચાલી રહી છે.

હાઈકોર્ટએ રાજકોટના ૨૦૨૧થી હાલ સુધીના તમામ મ્યુનિસિપલ કમિશનર પાસેથી ટીઆરપી ગેમઝોન મામલે ખુલાસા માંગ્યા છે તેમાં જે બાબતો અંગે પુછાણ કર્યું છે તેમાં પણ ટીપી બ્રાન્ચને લગતા મુદ્દાઓ જ મુખ્ય છે. હાઈકોર્ટએ ખુલાસામાં પૂછ્યું છે કે ટીઆરપી ગેમઝોનમાં જીડીસીઆર રેગ્યુલેશન્સનું કેટલા અંશે પાલન થયું છે ? તે બાબત સીધી જ ટીપીઓ સાગઠિયાના કાર્યક્ષેત્રને સ્પર્શતી છે, તદઉપરાંત ટીઆરપી ગેમ ઝોનના બાંધકામ અંગે સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સર્ટિફિકેટ મેળવાયું હતું કે કેમ ? તે બાબત પણ ટીપીઓના કાર્યક્ષેત્રને સ્પર્શતી છે.

તદઉપરાંત ફાયર સેફ્ટીના મુદ્દે પણ ખુલાસો પૂછ્યો છે તેમાં પણ ટાઉન પ્લાનિંગ બ્રાન્ચની અમુક પરોક્ષ જવાબદારી ઉપસ્થિત થાય છે.

ટીપીઓ સાગઠિયા સહિતના ટીપી સ્ટાફ સામે પગલાં લેવાનું તો ગઈકાલથી શરૂ થઈ ગયું છે પરંતુ હજુ આ તો શરૂઆત છે જો ૨૦૨૧ થી ૨૦૨૪ સુધીના સમયગાળામાં ફરજ બજાવનાર તમામ મ્યુનિસિપલ કમિશનરનો ખુલાસો પૂછવામાં આવ્યો હોય તો ટાઉન પ્લાનિંગ બ્રાન્ચમાં પણ આ સમયગાળામાં ફરજ બજાવનાર તમામનો ખુલાસો પૂછવામાં આવે તેવી પ્રબળ શકયતા હોવાનું સૂત્રોમાંથી જાણવા મળે છે.

એકંદરે આવો વિશાળ ગેમઝોન મંજૂરી વિના ગેરકાયદેસર રીતે ધમધમતો હતો તેમ છતાં ક્યારેય ટાઉન પ્લાનિંગ બ્રાન્ચ દ્વારા ત્યાં આગળ કેમ ચેકિંગ કરવામાં આવ્યું નહીં ? કેમ નોટિસ આપવામાં આવી નહીં ? કેમ ડિમોલિશન કરવામાં આવ્યું નહીં ? તે સહિતની બાબતો પણ તપાસવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ટાઉન પ્લાનિંગ બ્રાન્ચના આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર ગૌતમ જોશી અને આસિસ્ટન્ટ એન્જિનિયર જયદીપ ચૌધરીને ગઈકાલે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ થયેલા આ બંનેની જે મામલે જવાબદારી ફિક્સ કરી ફરજમાં બેદરકારી નોંધવામાં આવી તે જ રીતે હવે ટીપીઓ સાગઠિયા તરફ તપાસ અને શિક્ષાત્મક કાર્યવાહીનો દોર આગળ વધી રહ્યો છે. એકંદરે અગ્નિકાંડ મામલે ટીપીઓ સાગઠિયા સહિતના અધિકારીઓ સામે ગુનો દાખલ થાય તેવી પ્રબળ શકયતા હોવાનું સુત્રોમાંથી જાણવા મળે છે.

### મહાનગરપાલિકામાં સન્નાટો, સૌ સ્તબ્ધ

ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડની પાષાણ હ્દયને પણ પિગળાવી દે તેવી ગોઝારી ઘટના બન્યા બાદ ખુદ રાજકોટ મહાનગરપાલિકા કચેરીમાં પણ સન્નાટો બોલી ગયો છે. દરરોજ કચેરીમાં અચૂક જોવા મળતા હોય તેવા નગરસેવકો, આગેવાનો અને કાર્યકરો દેખાતા બંધ થઈ ગયા છે. તેમજ અધિકારીઓ અને ઈજનેરો પણ ફોન રિસીવ કરતાં ડર અનુભવી રહ્યા છે. છેલ્લ । ત્રણેક દિવસથી અગ્નિકાંડ અને ત્યાર બાદ શ્રેણીબદ્ધ શિક્ષાત્મક કાર્યવાહીનો દોર શરૂ થતાં સૌ સ્તબ્ધ બની ગયા છે. એકાએક મ્યુનિ. કમિશનરની બદલી થવી, એકાએક ટાઉન પ્લાનિંગ ઓફિસર પાસેથી ચાર્જ છિનવી લેવાયો આ તમામ ઘટનાક્રમથી સમગ્ર સિસ્ટમમાં હડકંપ મચી ગયો છે. આ બનાવ મામલે કોઈ અંદરો-અંદર પણ ચર્ચા કરવાનું ટાળી રહ્યા છે. દરમિયાન ગત સાંજે ઓર્ડર થયા બાદ તુરંત જ તત્કાલિન મ્યુનિ. કમિશનર આનંદ પટેલએ આજે જ ચાર્જ છોડી દીધો છે અને તેઓ ગાંધીનગર જીએડીમાં હાજર થવા પહોંચ્યા છે, હજુ તેમને પણ ક્યાંય પોસ્ટીંગ અપાયું નથી. બીજી બાજુ ઔડાના ચિફ એક્ઝિક્યુટીવ ઓથોરિટી તરીકે કાર્યરત ડી.પી. દેસાઈને રાજકોટ મ્યુનિ. કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવતાં આજે બપોરે ત્રણ કલાકે તેમણે કમિશનર તરીકે ચાર્જ સંભાળી લીધો છે. કચેરીના વહિવટી વડા આટલી ઝડપથી બદલાય અને આટલી ઝડપથી ચાર્જ સંભાળે તે કદાચ રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનના ૫૦ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત આવું બન્યું છે.

# દેશભરમાં એનઆઈએ દ્વારા દરોડા વડોદરાના મનીષ હિંગુની અટકાયત

## માનવ તસ્કરી સાથે સંકળાયેલ પાંચની ધરપકડઃ યુવાનોને વિદેશમાં નોકરી આપવાની લાલચ આપી ઘરાર કરાવાતા હતા સાયબર ક્રાઈમ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ગઈકાલે અલગ અલગ રાજ્યોમાં દરોડા પાડ્યા હતા અને આંતરરાષ્ટ્રીય માનવ તસ્કરી અને સાયબર ક્રાઈમ સિન્ડિકેટમાં કથિત રીતે સામેલ પાંચ વ્યક્તિઓની ધરપકડ કરી હતી. એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આરોપીઓ ભારતીય યુવાનોને રોજગારના ખોટા વચનો પર વિદેશ જવાની લાલચ આપી રહ્યા હતા.

યુવાનોને ગોલ્ડન ટ્રાયેન્ગલ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન, લાઓસ અને કંબોડિયા સહિત અન્ય સ્થળોએ બનાવટી કોલ સેન્ટરોમાં કામ કરવા માટે દબાણ કરવામાં આવતું હતું, આ રેકેટ વિદેશી નાગરિકો દ્વારા નિયંત્રિત અને સંચાલિત થાય છે. તેઓને ઓનલાઈન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરવા દબાણ કરવામાં આવ્યું હતું, જેમ કે ક્રેડિટ કાર્ડ ફ્રોડ, ફેક એપ્લિકેશનનો ઉપયોગ કરીને ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ, હની ટ્રેપિંગ વગેરે.

મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર, ગુજરાત, દિલ્હી, હરિયાણા, પંજાબ અને ચંદીગઢમાં ૧૫ સ્થળોએ કાર્યવાહી કરીને વડોદરાના મનીષ હિંગુ, ગોપાલગંજના પહલાદ સિંહ, દક્ષિણ પશ્ચિમ દિલ્હીના નબિયાલમ રે, ગુરુગ્રામના બળવંત કટારિયા અને ચંદીગઢના સરતાજ સિંહની ધરપકડ કરવામાં આવી છે. એનઆઈએએ તમામ સ્થળોએ સ્ટેટ પોલીસ અને કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ સાથે સંકલિત કામગીરી હાથ ધરી હતી.

આ ઈન્વેસ્ટિગેશનમાં દસ્તાવેજો, ડિજિટલ ડિવાઈસ, હેન્ડ રિટન રજિસ્ટર, મલ્ટિપલ પાસપોર્ટ અને બોગસ વિદેશી જોબ લેટર સહિત અનેક ગુનાહિત સામગ્રીઓ જપ્ત કરવામાં આવી હતી. એનઆઈએએ જણાવ્યું હતું કે જુદા જુદા રાજ્ય/ પોલીસ દળો દ્વારા આઠ નવી એફઆઈઆર નોંધવામાં આવી છે અને પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

તપાસમાં વધુ જાણવા મળ્યું છે કે ધરપકડ કરાયેલા આરોપીઓ થાઈલેન્ડ, કંબોડિયા અને વિયેતનામથી લાઓસ સુધી ભારતીય યુવાનોને ગેરકાયદેસર બોર્ડર ક્રોસિંગની સુવિધા આપવા માટે આંતરરાષ્ટ્રીય સરહદ પારથી કાર્યરત તસ્કરો સાથે સંકલન કરી રહ્યા હતા. એનઆઈએએ જણાવ્યું હતું કે તેઓ મહારાષ્ટ્ર, યુપી, બિહાર, ગુજરાત, દિલ્હી, પંજાબ અને હરિયાણાના કેટલાક જિલ્લાઓમાં સક્રિય એવા ઓર્ગેનાઈઝડ સિન્ડિકેટ સાથે જોડાયેલા વિદેશી-આધારિત એજન્ટોના ઈશારે કામ કરતા હતા.

### ચીનમાં ૧૪૦ મિલિયન લોકોને છે ડાયાબિટીક

# ચીનના વૈજ્ઞાનિકોએ વિકસાવ્યો ડાયાબિટીસનો રામબાણ ઈલાજ

## ૩ મહિનામાં ઈન્સ્યુલિનનો દર્દી બની ગયો મેડિસીન ફ્રી

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ચાઈનીઝ વૈજ્ઞાનિકોએ ગ્રાઉન્ડબ્રેકિંગ સેલ થેરાપીનો ઉપયોગ કરીને દર્દીના ડાયાબિટીસનો સફળતાપૂર્વક ઉપચાર કર્યો છે. આ સારવાર શાંઘાઈ ચાંગઝેંગ હોસ્પિટલ, ચાઈનીઝ એકેડેમી ઓફ સાયન્સ હેઠળ મોલેક્યુલર સેલ સાયન્સમાં સેન્ટર ફોર એક્સેલન્સ અને રેનજી હોસ્પિટલની ટીમ દ્વારા કરવામાં આવી હતી અને ૩૦ એપ્રિલના રોજ સેલ ડિસ્કવરી જર્નલમાં તેની વિગતવાર માહિતી આપવામાં આવી છે.

અહેવાલ મુજબ, દર્દીએ જુલાઈ ૨૦૨૧ માં સેલ ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું હતું. અને માત્ર અગિયાર અઠવાડિયાની અંદર, તેને હવે એક્સટર્નલ ઈન્સ્યુલિનની જરૂર નથી. પછીના મહિનાઓમાં, તેણે ધીમે ધીમે ઘટાડો કર્યો અને આખરે બ્લડ સુગર નિયંત્રણ માટે દવાઓ લેવાનું બંધ કર્યું. આ મામલે મુખ્ય સંશોધકોમાંના એકે જણાવ્યું હતું કે, ફોલો અપ ટેસ્ટસ દર્શાવે છે કે દર્દીના સ્વાદુપિંડના આઈલેટ વર્કને અસરકારક રીતે રિસ્ટોર કરવામાં આવ્યું હતું. દર્દી હવે ૩૩ મહિનાથી ઈન્સ્યુલિન ફ્રી છે.

બ્રિટિશ કોલંબિયા યુનિવર્સિટીના પ્રોફેસર ટીમોથી કીફરે આ અભ્યાસની પ્રશંસા કરતા કહ્યું, મને લાગે છે કે આ અભ્યાસ ડાયાબિટીસ માટે સેલ થેરાપીના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પ્રગતિ દર્શાવે છે. ડાયાબિટીસ એ એક લાંબી સ્થિતિ છે જે ખોરાકને ઊર્જામાં રૂપાંતરિત કરવાની શરીરની ક્ષમતાને અસર કરે છે, જો યોગ્ય રીતે ધ્યાન ન આપવામાં આવે તો ગંભીર સમસ્યા થાય છે. પરંપરાગત સારવારમાં ઈન્સ્યુલિનના ઈન્જેકશન અને સતત દેખરેખનો સમાવેશ થાય છે, જે દર્દીઓ માટે બોજારૂપ બની શકે છે.

નવી થેરાપીમાં દર્દીના પેરિફેરલ બ્લડ મોનોન્યુકિલયર સેલ્સનું પ્રોગ્રામિંગ, કૃત્રિમ વાતાવરણમાં સ્વાદુપિંડના આઈલેટ પેશીઓને ફરીથી બનાવવા માટે બીજ કોષોમાં રૂપાંતરિત કરવાનો સમાવેશ થાય છે. વૈશ્વિક સ્તરે ડાયાબિટીસના દર્દીઓ ચીનમાં છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેશન અનુસાર, ચીનમાં ૧૪૦ મિલિયન લોકોને ડાયાબિટીસ છે, જેમાં ૪૦ મિલિયન આજીવન ઈન્સ્યુલિન ઈન્જેકશન પર આધાર રાખે છે.

આ નવી સેલ થેરાપી આ બોજને ઘટાડી શકે છે. જો આ સેલ થેરાપી અભિગમ મોટા અભ્યાસોમાં અસરકારક સાબિત થાય છે, તો તે દર્દીઓને ક્રોનિક દવાઓના બોજમાંથી મુક્ત કરી શકે છે, આરોગ્ય અને જીવનની ગુણવત્તામાં સુધારો કરી શકે છે અને આરોગ્યસંભાળના ખર્ચમાં ઘટાડો કરી શકે છે.

# દિલ્હી-વારાણસી ફ્લાઈટમાં બોમ્બની ધમકી, મુસાફરો બારીમાંથી કુદી પડ્યા

## ધમકી પોકળ નીકળીઃ દિલ્હી એરપોર્ટ પર અફરાતફરી,એવિએશન સિક્યુરિટી અને બોમ્બ ડિસ્પોઝલ ટીમ દોડી, તમામ ઉતારુ સુરક્ષિત

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

દિલ્હીથી વારાણસી માટે ઉડાન ભરવા જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની માહિતી મળતા જ દિલ્હી એર પોર્ટ પર અફરા તફરી મચી જવા પામી હતી, તમામ મુસાફરોને ઈમરજન્સી ગેટમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને વિમાનને તપાસ માટે લઈ જવામાં આવ્યું હતું. એરપોર્ટ અધિકારીઓનું કહેવું છે કે એવિએશન સિક્યુરિટી અને બોમ્બ ડિસ્પોઝલ ટીમ હાલ ઘટનાસ્થળે છે. મુસાફરોમાં ભય એટલો બધો ફેલાયો હતો કે અમુક ઉતારું એ તો બારીમાંથી નીચે ઝંપલાવી દીધું હતું. દિલ્હીથી વારાણસી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાના સમાચારે ખળભળાટ મચાવ્યો હતો, ત્યારબાદ મુસાફરો ઉતાવળમાં ફ્લાઈટમાંથી ઉતરી ગયા હતા.આ દરમિયાન ઘણા મુસાફરો કૂદતા પણ જોવા મળ્યા હતા. બોમ્બ એલર્ટના કારણે દિલ્હી એરપોર્ટ પર ભયનો માહોલ સર્જાયો હતો. જો કે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને તપાસ ચાલુ છે.





એરપોર્ટ અધિકારીઓનું કહેવું છે કે, પ્લેનને તપાસ માટે લઈ જવામાં આવ્યું છે. એવિએશન સિક્યુરિટી અને બોમ્બ ડિસ્પોઝલ ટીમ હાલ ઘટનાસ્થળે છે. દિલ્હી ફાયર સર્વિસ અનુસાર સવારે ૫.૩૫ વાગ્યે દિલ્હીથી વારાણસી જઈ રહેલી ફ્લાઈટમાં બોમ્બ હોવાના સમાચાર મળ્યા હતા. ક્યુઆરટી ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. તમામ મુસાફરોને ઈમરજન્સી દરવાજા દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા.

તાજેતરમાં દિલ્હીથી વડોદરા જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ટિશ્યુ પેપર પર લખેલા બોમ્બ શબ્દના કારણે અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટના સમયે પ્લેનમાં ૧૭૫ યાત્રીઓ સવાર હતા, જે ટેકઓફ પહેલા જ બની હતી. પોલીસે કહ્યું હતું કે તેમને ૧૫ મેના રોજ સાંજે ૭.૩૦ વાગ્યે ધમકીની માહિતી મળી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, સાંજે ૭ વાગ્યાની આસપાસ ફલાઈટના ટોઈલેટમાંથી ટિશ્યુ પેપર મળી આવ્યા હતા. માનક સુરક્ષા પ્રોટોકોલને અનુસરીને મુસાફરોને સલામત રીતે નીચે ઉતારવામાં આવ્યા હતા અને સુરક્ષા એજન્સીઓ દ્વારા ફરજિયાત તપાસ માટે એરક્રાફ્ટને ખાલી કરવામાં આવ્યું હતું.

આ સમયગાળા દરમિયાન કંઈપણ શંકાસ્પદ મળ્યું નથી. પોલીસે નોટ મુકનારી વ્યક્તિની શોધખોળ શરૂ કરી હતી.અને બીજી ફ્લાઈટની વ્યવસ્થા કરીને મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન પર મોકલ્યા હતા.

# પાપુઆ-ન્યૂ ગિનીમાં તબાહી, ભૂસ્ખલનથી ૨૦૦૦ લોકો જીવતા દટાયા

પાપુઆ-ન્યૂ ગિની

પાપુઆ-ન્યૂગીનીમાં શનિવારે થયેલા ભૂસ્ખલનને કારણે ભારે તબાહી થઈ છે. મૃત્યુઆંકની સરકારે હજુ સુધી પુષ્ટિ કરી નથી, પરંતુ સોમવારે સ્પષ્ટતા કરી હતી કે આ ઘટનામાં ૨,૦૦૦થી વધુ લોકો જીવતા દટાયા હતા. સરકારે કહ્યું કે રાહત માટે ઔપચારિક રીતે આંતરરાષ્ટ્રીય મદદ માંગી છે. રાજધાની પોર્ટ મોરેસ્બીથી ૬૦૦ કિમી ઉત્તર-પશ્ચિમમાં એન્ગા પ્રાંતમાં ભૂસ્ખલનની ઘટના બની હતી.

પાપુઆ-ન્યૂ ગિનીમાં સોમવાર સવારથી બચાવ કાર્ય યુદ્ધનાં ધોરણે હાથ ધરવામાં આવી રહ્યું છે. દેશના એન્ગા પ્રાંતમાં આવેલું આખું ગામ ભૂસ્ખલનમાં દબાઈ ગયું હતું તેના તમામ ૧૫૦ જેટલા ઘરો ધરાશયી થયા હતા. જેમ ડેબ્રીસ દૂર કરાતો જશે તેમ તેમ ભૂપ્રપાતમાં દટાઈને માર્યા ગયેલાઓની સંખ્યા વધવાની આશંકા છે. તેમ યુએનની માઈગ્રેશન એજન્સીએ રવિવારે સાંજે જણાવ્યું હતું.

એન્ગા પ્રાંતમાં ૧૫૦થી વધુ ઘરો એક ગામમાં દટાઈ જતાં આખું ગામ દટાઈ ગયું છે. જ્યારે આસપાસનાં ૨૫૦ ઘરો ખાલી કરી તેમાં રહેનારાઓ બીજે ચાલ્યા ગયા છે. આઘાતજનક વાત તો તે છે કે ભૂસ્ખલનને લીધે ૮ મીટર (આશરે ૨૬.૩ ફીટ) જેટલા ઊંચા માટી અને પથ્થરના ટેકરાને લીધે દટાઈ ગયેલાઓના મૃતદેહો પણ બહાર કાઢવા મુશ્કેલ બન્યું છે. આંતરરાષ્ટ્રીય સહાય સંસ્થા 'સીએઆરઈ ઈન્ટરનેશનલ'ના પ્રાદેશિક ડીરેક્ટર સુ.શ્રી. જસ્ટિન મેક મોહેને એબીસી ટેલીવિઝનને જણાવ્યું હતું કે પરિસ્થિતિ ઘણી ભયાવહ બની રહી છે.

ભૂમિ પણ અસ્થિર બની રહી છે તેથી બચાવ કાર્યમાં ઘણો અવરોધ આવે છે તેમ કહેતા તેઓએ વધુમાં જણાવ્યું કે હજી ઘણો ડેબ્રિસ દૂર કરવો પડે તેમ છે. આ ડેન્જરસ પરિસ્થિતિની આશરે ૪૦૦૦ જેટલા લોકોને અસર પહોંચી છે. જે બચી ગયેલા છે, તેઓ દટાઈ ગયેલાને બહાર કાઢવામાં યુએનની સંસ્થાઓને સહાય કરી રહ્યા છે. એક દંપતિ મલબા નીચે દટાઈ ગયું હતું તેમની બચાવો, બચાવોની બૂમો સાંભળી તેને બચાવી લેવામાં આવ્યું હતું.

સોશિયલ મીડીયા ફૂટેજ જણાવે છે કે લોકો મોટા પથ્થરો અને માટીના ઢગલાઓ ઉપર ચઢી ચઢી દટાયેલાઓને બચાવવામાં લશ્કરના જવાનો અને સ્વયંસેવકોને સહાય કરી રહ્યાં છે. દેશના ઈર્મજન્સી ક્રૂ અને ડીફેન્સ એનિજનિયરિંગ ટીમ કાર્યરત છે પરંતુ રસ્તાઓ ભૂસ્ખલનને લીધે બંધ થઈ ગયા હોવાથી માટી પથ્થર વગેરે દૂર કરવા માટે જરૂરી તેવા ભારે યંત્રો લઈ જઈ શકાતા ન હોવાથી હેલિકોપ્ટર દ્વારા સહાય પહોંચાડવામાં આવી રહી છે.



# જે સૌથી ઓછી કિંમત માગે તેને જ લો, આવી હતી નિર્દેશકોની માન્યતા

## અમુક વર્ષો પહેલાની હીરોઈનોની હાલત વિષે મંદાકિનીએ ખુલીને વાત કરી, કહ્યું ત્યારે બહુ પ્રતાડના થતી

૧૯૮૦ના દાયકામાં ફિલ્મ 'રામ તેરી ગંગા મૈલી'થી ફેમસ થયેલી બોલિવૂડ અભિનેત્રી મંદાકિનીએ પોતાના ઈન્ટરવ્યુમાં તે દિવસોમાં અભિનેત્રીઓના આર્થિક સંઘર્ષ અને પગાર અંગેના સંઘર્ષ વિશે ખુલીને વાત કરી અને જણાવ્યું કે તે સમયે તેમને શું સહન કરવું પડ્યું હતું. આજે, દીપિકા પાદુકોણથી લઈને આલિયા ભટ્ટ જેવી તમામ મોટી અભિનેત્રીઓ તેમની ફિલ્મો માટે લગભગ ૨૦-૨૫ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. જોકે, અગાઉ આ સ્થિતિ જુદી હતી. તે જમાનામાં અભિનેત્રીઓ માટે ન તો યોગ્ય ભૂમિકાઓ લખાઈ હતી કે ન તો તેમનો પગાર યોગ્ય હતો. તેને



હંમેશા નાણાકીય બાબતે સંઘર્ષ કરવો પડતો હતો. એકવાર તેના ઈન્ટરવ્યુમાં 'રામ તેરી ગંગા મૈલી'ની અભિનેત્રી મંદાકિનીએ આ મુદ્દા પર એકદમ ખુલીને વાત કરી હતી અને જણાવ્યું હતું કે તે દિવસોમાં અભિનેત્રીઓને કઈ પરિસ્થિતિમાંથી પસાર થવું પડતું હતું.રામ તેરી ગંગા મૈલી' અભિનેત્રીએ મિથુન ચક્રવર્તી સાથે 'ડાન્સ ડાન્સ', આદિત્ય પંચોલી સાથે 'કહાં હૈ કાનૂન' અને ગોવિંદા સાથે 'પ્યાર કરકે દેખો' જેવી ફિલ્મો કરી અને પછી તે ઈન્ડસ્ટ્રીથી દૂર રહી. થોડા સમય પહેલા વિતેલા સમયને યાદ કરતા તેણે ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તે સમયે હીરો અને હીરોઈનના પગારમાં ઘણો તફાવત હતો અને કેવી રીતે નિર્દેશકો તેમના પર દબાણ રાખતા હતા.

**'દિગ્દર્શકો અને નિર્માતાઓ કઈ માનસિકતા સાથે કામ કરતા હતા?'**

અભિનેત્રીએ કહ્યું હતું કે, 'ધારો કે કોઈએ મને ફિલ્મ વિશે કહ્યું અને મેં તેને હા પાડી. આ પછી, માત્ર ૨-૩ દિવસમાં તે કોઈ અન્ય સાથે ફિલ્મ સાઈન કરવાની જાહેરાત કરશે. તે કહેતી કે અમારે માત્ર ૨-૩ ગીતો કરવાના છે, જો તે નહીં કરે તો તે કરશે. જેને સૌથી નીચો ભાવ મળે તે લે. અભિનેત્રીએ કહ્યું હતું કે તે સમયે નિર્દેશક અને નિર્માતા આ માનસિકતા સાથે કામ કરતા હતા.

**આખી ફિલ્મ માટે માત્ર ૧ થી ૧.૫ લાખ રૂપિયા ફી**

તેણે કહ્યું કે તે સમયે અભિનેત્રીઓને આખી ફિલ્મની ફી માત્ર ૧ થી ૧.૫ લાખ રૂપિયા મળતી હતી. મંદાકિનીએ એ પણ જણાવ્યું હતું કે ઘણી વખત નિર્દેશકો અને નિર્માતાઓ તેને કહેતા હતા કે તે ૧.૫ લાખ રૂપિયા લે છે અને તેથી તેઓ તેની જગ્યાએ કોઈ અન્ય વ્યક્તિ લે છે જે ૭૫,૦૦૦ રૂપિયામાં રોલ કરવા માટે સંમત થાય છે.

# રાખી પર હોસ્પિટલમાં હુમલો થયો હોવાનો રિતેશનો દાવો

## રાખીને હોસ્પિટલમાં ગુપ્ત જગ્યાએ રાખવામાં આવી

રાખી સાવંતના પૂર્વ પતિ રિતેશ સિંહે તેના સ્વાસ્થ્યને લઈને એક નવું અપડેટ આપ્યું છે. તેણે એક વીડિયો શેર કર્યો છે, જેમાં રાખી એક નર્સની મદદથી ચાલતી જોવા મળી રહી છે, પરંતુ તે હજુ પણ પીડામાં છે. આ સિવાય રિતેશે જણાવ્યું કે રાખી પર પણ હુમલો થયો હતો.ટીવી એક્ટ્રેસ રાખી સાવંત સર્જરી બાદ ધીરે ધીરે સ્વસ્થ થઈ રહી છે. તે હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. તેના પૂર્વ પતિ રિતેશ સિંહ સોશિયલ મીડિયા પર ફેન્સને હેલ્થ અપડેટ્સ આપતા રહે છે. હવે તેણે એક વીડિયો શેર કર્યો છે, જેમાં રાખી હોસ્પિટલમાં નર્સોની મદદથી ચાલતી જોવા મળી રહી છે. તે વચ્ચે વેદનાથી રડી રહી છે. તેનો વીડિયો શૂટ કરતી વખતે રિતેશ તેને પ્રોત્સાહિત કરી રહ્યો છે.તાજેતરમાં જ રાખી સાવંતની તબિયત અચાનક બગડી હતી. તેને તાત્કાલિક






હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી . અગાઉ અહેવાલો આવ્યા હતા કે તેઓ હૃદય સંબંધિત કોઈ બિમારીથી પીડિત છે. પછી તેણીને કહેવામાં આવ્યું કે તેણીના ગર્ભાશયમાં ગાંઠ છે. લગભગ ૩ કલાકની સર્જરી બાદ ગાંઠ દૂર કરવામાં આવી હતી. ત્યારે રિતેશે કહ્યું હતું કે રાખી હજુ પણ ડોક્ટરોની દેખરેખમાં છે. તેને બેડ રેસ્ટ માટે કહેવામાં આવ્યું છે.આ દરમિયાન રિતેશે તેનું નામ લીધા વગર રાખીના પૂર્વ પતિ આદિલ ખાન દુર્રાની પર પણ હુમલો કર્યો હતો. તેણે એમ પણ કહ્યું હતું કે તેને અને રાખીને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે.

# ૭૦૦૦ કરોડના ફલોટિંગ રિસોર્ટ પર યોજાશે અનંત-રાધિકાનું પ્રી-વેડિંગ

મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના દિકરા અનંત અંબાણી પોતાની લાઈફના નવા ચેપ્ટરને શરૂ કરવા જઈ રહ્યા છે. તે રાધિકા મર્ચન્ટ સાથે આ વર્ષે જુલાઈમાં લગ્નના બંધનમાં બંધાશે. પરંતુ આ પહેલા તેમનું ગ્રાન્ડ પ્રી-વેડિંગ ફંક્શન યોજાશે.જેની તૈયારી ઓ પૂર્ણ કરી દેવયી છે અને સીને કલાકારોને પહોચતા કરી દેવાયા છે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ હાલ પોતાના બીજા પ્રી-વેડિંગ ફંક્શનને લઈને ચર્ચામાં છે. આ બન્ને જુલાઈમાં લગ્નના બંધનમાં બંધાવાના છે.

આ બન્નેનું પ્રી-વેડિંગ ફ્રાન્સમાં થશે. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનું બીજું પ્રી-વેડિંગ ફંક્શન સાઉથ ફ્રાન્સમાં ક્રૂઝ શિપ પર યોજાવા જઈ રહ્યું છે. આ પ્રી-વેડિંગ ફંક્શનમાં ૮૦૦ થી વધુ



વિવિઆઈપી મહેમાનો હાજરી આપશે. જે ક્રૂઝ પર પ્રી-વેડિંગ ફંક્શન યોજાવા જઈ રહ્યા છે તેનું નામ સેલિબ્રિટી એસેન્ટ છે, જે માલ્ટામાં બનેલ છે.

સેલિબ્રિટી એસેન્ટ ૯૦ કરોડ ડોલર અથવા ૭૪૭૫ કરોડ રૂપિયામાં તૈયાર કરવામાં આવી છે. સાથે જ તે ૫-સ્ટાર સુવિધા સાથેનો ફ્લોટિંગ રિસોર્ટ છે.

આ ક્રુઝમાં વધુમાં વધુ ૩૯૫૦ મુસાફરો મુસાફરી કરી શકશે. ૩૨૭ મીટર લાંબા અને ૩૯ મીટર પહોળા ક્રૂઝ શિપમાં ૧૭ ડેક છે, જેમાં સનસેટ બાર અને પૂલ ડેકનો સમાવેશ થાય છે. આ ક્રુઝ પર ૧ લેપ પૂલ, ૨ હોટ ટબ પૂલ અને ક્રૂઝ પર વોકિંગ-જોગિંગ માટે એક ટ્રેક પણ છે.

ક્રૂઝમાં પેન્ટહાઉસ સ્યુટમાં બેડરૂમ, ડ્રેસિંગ રૂમ, લિવિંગ એરિયા અને ડાઈનિંગ એરિયા પણ છે. આપને જણાવી દઈએ કે મુકેશ અંબાણીએ તેમના પુત્રના પ્રથમ પ્રી-વેડિંગ ફંક્શનમાં ૧૨૫૯ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. હવે એ વિચારવા જેવું છે કે તે બીજા પ્રી-વેડિંગ પાછળ કેટલો ખર્ચ કરે છે.

# શાહિદ-મીરાંએ મુંબઈમાં ખરીદ્યો ૫૯ કરોડનો આલીશાન એપાર્ટમેન્ટ

## વર્લી વિસ્તારમાં આવેલો આ લકઝુરિયસ ફ્લેટ ૫૩૯૫ સ્કવેર ફૂટમાં બનેલો છે

શાહિદ કપૂર અને તેની પત્ની મીરા કપૂરે મુંબઈના વર્લી વિસ્તારમાં એક લક્ઝરી એપાર્ટમેન્ટ લીધો છે, જે ઘણો મોંઘો છે, જેની કિંમત જાણીને નવાઈ લાગશે. આ સ્ટાર કપલે આ મોંઘો ફ્લેટ ૫૯ કરોડમાં લીધો છે. શાહિદ કપૂર અને પત્ની મીરા રાજપૂત પ્રોપર્ટીમાં ઘણું ઈન્વેસ્ટ કરતા રહે છે. ત્યારે હવે એવા અહેવાલો સામે આવ્યા છે કે બંનેએ હવે મુંબઈમાં નવો લકઝુરિયસ એપાર્ટમેન્ટ ખરીદ્યો છે અને આ એપાર્ટમેન્ટની કિંમત જાણીને તમે પણ ચોંકી જશો. અહેવાલો અનુસાર, આ એપાર્ટમેન્ટ મુંબઈના વર્લી વિસ્તારમાં





આવેલો છે જે ૫૩૯૫ સ્કવેર ફૂટમાં બનેલો છે. શાહિદ કપૂર અને પત્ની મીરા રાજપૂતનો એપાર્ટમેન્ટ સૌથી ટોપ ફ્લોરમાંથી એક છે. આ એપાર્ટમેન્ટ ઓબેરોય ૩૬૦ વેસ્ટ પ્રોજેક્ટનો ભાગ છે. હવે સવાલ એ થાય છે કે શાહિદ કપૂરે કેટલા કરોડમાં આ ઘર લીધું છે. અહેવાલો અનુસાર, બંને પતિ-પત્નીએ આ ઘર ૫૯ કરોડમાં ખરીદ્યું છે. એવું કહેવાઈ રહ્યું છે કે આ બિલ્ડિંગનાં ૨૮ એપાર્ટમેન્ટ ડી માર્ટનાં માલિક રાધાકૃષ્ણન દમાણીના પરિવારના અને નજીકના જાણીતાઓના છે. અહીં ડુપ્લેક્ષ એપાર્ટમેન્ટ અને પેન્ટહાઉસની સાથે ૫ અને ૪ ફ્લેટ્સ પણ છે. બિલ્ડિંગની ઊંચાઈ ૩૬૦ મીટર છે, અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે શાહિદે ૧.૭૫ કરોડની સ્ટેમ્પ ડ્યુટી પણ આપી છે.

**ક્યારે થશે શિફ્ટ**

જોકે હજુ સુધી એ જાણવા નથી મળ્યું કે શાહિદ કપૂર પરિવાર સાથે ક્યારે આ નવા ઘરમાં શિફ્ટ થશે. પરંતુ બની શકે કે તે જલ્દી જ ત્યાં શિફ્ટ થઈ જશે, કારણ કે આટલો લક્ઝરી અને મોંઘો એપાર્ટમેન્ટ લીધો છે તો ત્યાં રહેવા માટે તે પણ ઉત્સાહિત હશે. વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો છેલ્લે શાહિદ કપૂર તેરી બાતોં મેં એસા ઉલઝા જિયામાં કૃતિ સેનન સાથે જોવા મળ્યા હતા. ફિલ્મને કોઈ ખાસ રિસ્પોન્સ નથી મળ્યો. હવે શાહિદ કપૂર હવે ફિલ્મ દેવા અને ફર્જી ૨માં જોવા મળશે. દેવામાં શાહિદ કપૂર પોલીસ ઓફિસરની ભૂમિકા ભજવવાના છે, જેમાં પૂજા હેગડે પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફર્જીની પહેલી સિઝનના ખૂબ જ વખાણ થયા હતા તો હવે દર્શકો તેમની આગામી ફિલ્મ ફર્જી ૨ માટે ઘણા ઉત્સાહિત છે.



# બ્લેક આઉટફીટમાં ભૂમિ બની હોટ

ભૂમિ પેડનેકરે બ્લેક લૂકમાં કાતિલ પોઝ આપીને ચાહકોને દિવાના કરી દીધા છે. બોલીવૂડ અભિનેત્રી ભૂમિ પેડનેકર તેના શાનદાર અભિનેય માટે જાણીતી છે. અભિનેત્રીએ ઘણી બોલીવૂડ ફિલ્મોમાં કામ કર્યું છે. હાલમાં સોશિયલ મીડિયા પર અભિનેત્રીનો બ્લેક લૂક વાયરલ થઈ રહ્યો છે. ભૂમિએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર બ્લેક લૂકમાં શાનદાર ફોટોશૂટની તસવીરો પોસ્ટ કરી છે. આ તસવીરોમાં એક્ટ્રેસ અલગ-અલગ અંદાજમાં શાનદાર પોઝ આપતી જોવા મળી રહી છે. બ્લેક હોટ લૂકમાં કાતિલ પોઝ આપતી જોવા મળી રહી છે ભૂમિ. ઈન્સ્ટાગ્રામ પર ભૂમિની આ તસવીરો જોરદાર વાયરલ થઈ રહી છે. ચાહકો પણ તેના આ બોલ્ડ અંદાજને લાઈક કરી રહ્યા છે. નોંધનીય છે કે ભૂમિ ફિલ્મોમાં ખાસ કશું ઉકાળી શકી નથી પરંતુ પોતાની બ્યુટીના લીધે તે ચાહકોના દિલ પર કટાર ચલાવી રહી છે.

# રશ્મિકા મંદાન્ના ફરી ડીપફેકનો શિકાર બની

રશ્મિકા મંદાન્નાનો મોર્ફ વીડિયો સામે આવ્યો, અભિનેત્રી રશ્મિકા મંદાન્ના વધુ એક ડીપફેકનો શિકાર બની છે. લિફ્ટ ગર્લ બાદ હવે તેનો લાલ બિકીની પહેરીને ધોધની નીચે ઊભો રહીને પોઝ આપતો વીડિયો સામે આવ્યો છે. જેના વિશે દાવો કરવામાં આવી રહ્યો છે કે તે એક અભિનેત્રી છે. જ્યારે આ વાત સાચી નથી. વીડિયોમાં તેનો ચહેરો બીજી મહિલાના ચહેરા પર ફરીથી મોર્ફ કરવામાં આવ્યો છે.નેશનલ ક્રશ તરીકે ઓળખાતી રશ્મિકા મંદાન્નાનો એક વીડિયો ૬ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સામે આવ્યો હતો, જે તેનો ડીપફેક વીડિયો હતો. એક સમયે લોકો માનતા ન હતા કે તે અભિનેત્રી છે. પરંતુ પાછળથી તે ડીપફેક હોવાનું બહાર આવ્યું. જેમાં બ્રિટિશ પ્રભાવક ઝરા પટેલના ચહેરા પર રશ્મિકાના ચહેરાને સુપરઈમ્પોઝ કરવામાં આવ્યો હતો. જો કે, આ પછી કેસ નોંધવામાં આવ્યો અને દિલ્હી પોલીસે આંધ્રપ્રદેશમાંથી





આરોપી ઈ નવીનની પણ ધરપકડ કરી.

હવે ફરી એકવાર અભિનેત્રી આવા વીડિયોનો શિકાર બની છે. એક વીડિયોમાંથી રશ્મિકા મંદાન્નાના ચહેરાને મોર્ફ કરવામાં આવ્યો છે. આ એક મોડલનો વીડિયો હતો, જેની સાથે છેડછાડ કરવામાં આવી છે. ૧૯ એપ્રિલે શેર કરાયેલા આ વીડિયોમાં મોડલ વિલારિયલ હતી, જેના ચહેરા પર અભિનેત્રીનો ચહેરો સુપરઈમ્પોઝ કરવામાં આવ્યો છે.

**લોકોએ રશ્મિકા મંદાન્ના ના ડીપફેકને સત્ય તરીકે સ્વીકાર્યું**

જો કે, અભિનેત્રીના ડીપફેક વિડિયોને વાસ્તવિક માનીને લોકોએ કમેન્ટ સેક્શનમાં તેના વખાણ કર્યા છે. રેડ હાર્ટ ઈમોજી સાથે તેમની પ્રતિક્રિયા આપી. અભિનેત્રી હાલમાં 'પુષ્પા ૨'માં જોવા મળશે. આ ફિલ્મમાંથી તેનો લુક પણ સામે આવ્યો હતો. આ સિવાય અલ્લુ અર્જુન અને ફહાદ ફાસિલ મહત્વની ભૂમિકામાં જોવા મળશે.

# શર્મિન સેગલે અદિતિ રાવ હૈદરીને સ્કૂલ ગર્લ કહી અને ટોણો માર્યો

## અભિનેત્રીની સમયની પાબંદી માટે મજાક ઉડાવતા શર્મીન ટ્રોલ થઈ

અભિનેત્રી શર્મિન સેગલે ફરી એકવાર અદિતિ રાવ હૈદરી વિશે કંઈક એવું કહ્યું કે તેની ચર્ચા થવા લાગી. અભિનેત્રીએ એક ઈન્ટરવ્યુમાં અદિતિને સ્કૂલ ગર્લ કહ્યા કારણ કે તે સમયની પાબંદ છે. તે નિર્ધારિત સમયે સેટ પર હાજર રહે છે. હવે શર્મિને આ અંગે વાત કરી છે.સંજય લીલા ભણસાલીની 'હીરામંડી' સ્ટ્રીમ થયાને એક મહિનો થઈ ગયો છે પરંતુ તે હજુ પણ સમાચારોમાં છે. અભિનેત્રી શર્મિન સેગલ તેના અભિનય માટે સતત ટીકાઓનો સામનો કરી રહી છે. પરંતુ તે પોતાના નિવેદનોથી લોકોનું ધ્યાન પણ ખેંચી રહી છે. પહેલા તેણે સંજીદા શેખને કંઈક કહ્યું હતું અને હવે વાયરલ વીડિયોમાં તેણે અદિતિ રાવ હૈદરીને 'સ્કૂલ ગર્લ' કહી છે.અદિતિ રાવ હૈદરી, શર્મિન સેગલ, તાહા



શાહ, ફરદીન ખાન, રિચા ચઢ્ઢા અને સંજીદા શેખે તાજેતરમાં એક ઈન્ટરવ્યુ આપ્યા. હવે આ ઘટનાની એક ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. જેમાં શર્મિને અદિતિની મજાક ઉડાવી છે. તેનો વીડિયો શેર કરીને યુઝર્સ અભિનેત્રીને 'અસંસ્કારી' અને 'અહંકારી' કહી રહ્યાં છે.

**શર્મિને અદિતિને સ્કૂલ ગર્લ કહી હતી**

આલમઝેબની ભૂમિકા ભજવનાર અભિનેત્રીએ અદિતિને તેની સમયની પાબંદી માટે સારી સ્કૂલ ગર્લ ગણાવી હતી. શર્મિને કહ્યું, 'જો ટીઝર કહે છે કે તમારે આ સમયે તમારું હોમવર્ક સબમિટ કરવું પડશે અને અદિતિ બરાબર એ જ કરશે. અને શબ્દ ગણતરી મર્યાદા કરતાં એક પણ શબ્દ વધુ નહીં. અદિતિ તમારા માટે આવી જ છે. તેથી, તેના કહેવા મુજબ દરેક મોડા આવે છે અને તે સમયસર આવે છે.

**શર્મિન અને અદિતિ વચ્ચે અથડામણ!**

આ પહેલા એક ઈન્ટરવ્યુમાં શર્મિન અને અદિતિ વચ્ચે ઝઘડો થયો હતો. ત્યાં શર્મિન કહી રહી હતી કે અસલામતી સારી છે. પરંતુ અદિતિએ કહ્યું કે તે ડરામણી છે.

સારી વાત નથી. પરંતુ શર્મિને કહ્યું કે જ્યારે અસુરક્ષા હશે ત્યારે જ વ્યક્તિ પોતાની જાતને આગળ ધકેલશે. આવી સ્થિતિમાં એવું લાગે છે કે તેમની વચ્ચે સારા સંબંધો નથી.

# સુહાના ખાન બેટ્સમેન રિન્કુ સિંહને ડેટ કરી રહી હોવાની જોરદાર ચર્ચા

## શાહરુખની દીકરી સુહાના ખાનના બેટ્સમેન રિન્કુ સિંહ સાથેના રિલેશનની ચર્ચાએ જોર પકડ્યું છે

કોલકાતા નાઈટ રાઈડર્સના માલિક શાહરૂખ ખાન પોતાની ટીમને આઈપીએલ ૨૦૨૪ ચેમ્પિયન બનતા જોઈને ખૂબ જ ખુશ દેખાતા હતા.કિંગ ખાનની દીકરી સુહાના ખાન પણ કેકેઆરની ટ્રોફી જીતવાની ક્ષણનો ભાગ બની હતી અને તે તેના પિતાને ગળે લગાવીને ભાવુક થઈ ગઈ હતી. શાહરૂખને ગળે લગાવવાનો તેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે, પરંતુ હવે એક નવો રિપોર્ટ સામે આવ્યો છે, જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે સુહાના ખાન કેકેઆરના દિગ્ગજ બેટ્સમેન રિન્કુ સિંહને ડેટ કરી રહી છે.

ગયા વર્ષે પણ રિન્કુ અને સુહાનાના સંબંધોની અફવાઓ સામે આવી હતી, પરંતુ






તે અહેવાલોમાંથી કોઈ નિષ્કર્ષ કાઢી શકાયો ન હતો. હવે ફરી એકવાર રિન્કુની જોડી કિંગ ખાનની દીકરી સુહાના સાથે જોવા મળી રહી છે અને ચાહકો કોમેન્ટ સેક્શનમાં તેમની જોડી પર ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે.

**શું સિંગલ છે રિન્કુ સિંહ ?**

ગત વર્ષે રિન્કુ સિંહ અને સુહાના ખાનના સંબંધોના સમાચાર ચરમસીમાએ હતા. તે પછી કોલકાતાના મેચ ફિનિશર્સમાંથી એક રિન્કુ સિંહે એક મીડિયા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે તે સિંગલ છે. થોડા સમય પહેલા સચી મારવાહનું નામ તેની સાથે જોડવામાં આવી રહ્યું હતું, પરંતુ બાદમાં ખબર પડી કે સચી વાસ્તવમાં નીતીશ રાણાની પત્ની છે. આ સાથે રિન્કુ રિલેશનશિપમાં હોવાના સમાચાર પર પૂર્ણવિરામ મૂકાયું હતું.

Printer and Publisher : Chandresh Dhanraj Jethani, Owner : Dhanraj News & Media Pvt. Ltd., Printed at Aajkaal Printing Press, 1 - Rajput Para, Near Gaisford Talkies, Rajkot.
and Published from Aajkaal Karyalaya, 4th Floor, Anison Building, Near SBI Bank, C.G.Road, Navrangpura, Ahmedabad, Gujarat. *Editor Kana Bantva, Responsible for Selection and Publication of News under PRB Act.

# ઈરાનની પરમાણુ બોમ્બ બનાવવા આગેકૂચ, યુએનનો સ્ફોટક અહેવાલ

## કટ્ટરપંથી ઈસ્લામિક દેશે યુરેનિયમ સહિત તમામ સામગ્રી એકત્રિત કરી લીધી હોવાનો ખુલાસો, ઈઝરાયેલને જડબાતોડ જવાબ આપવાની તૈયારી ?

આજકાલ પ્રતિનિધિ
તહેરાન

કટ્ટરપંથી ઈસ્લામ દેશ ઈરાન ઝડપથી પરમાણુ હથિયાર બનાવવા તરફ આગળ વધી રહ્યું છે. ઈરાને તેના સમૃદ્ધ યુરેનિયમના ભંડારને પરમાણુ હથિયાર બનાવવા માટે જરૂરી સ્તરની નજીક વધારી દીધો છે. સોમવારે જારી કરવામાં આવેલા સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ દેખરેખ સંગઠનના ગોપનીય રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે ઈરાન દેશના વિવાદાસ્પદ પરમાણુ કાર્યક્રમ પર લગાવવામાં આવેલા આર્થિક પ્રતિબંધોમાં છૂટછાટ માંગી રહ્યું છે. ઈરાન તેના પરમાણુ કાર્યક્રમને ધીમું કરવાના બદલામાં આર્થિક પ્રતિબંધો હટાવવા



માંગે છે. આ સાથે મધ્ય પૂર્વમાં ઈઝરાયેલ સાથે પણ તેનો તણાવ વધ્યો છે. ઈરાન પાસે હવે ૬૦ ટકા શુદ્ધતાનું ૧૪૨.૧ કિલોગ્રામ સમૃદ્ધ યુરેનિયમ છે, જે ફેબ્રુઆરીમાં અગાઉના અહેવાલથી ૨૦.૬ કિલોગ્રામનો વધારો દર્શાવે છે, એક અહેવાલ અનુસાર ૬૦ ટકા શુદ્ધતાનું સમૃદ્ધ યુરેનિયમ ૯૦ ટકાના શસ્ત્ર-ગ્રેડ સ્તરથી માત્ર એક પગલું દૂર છે. ઈરાન પાસે સંવર્ધિત યુરેનિયમનો કુલ ભંડાર ૬૨૦૧.૩ કિગ્રા છે, જે ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીના છેલ્લા અહેવાલથી ૬૭૫.૮ કિગ્રાનો વધારો દર્શાવે છે.

### રાયસીના મૃત્યુની કોઈ અસર નથી

ઈરાનનો પરમાણુ કાર્યક્રમ, અન્ય તમામ મુખ્ય બાબતોની જેમ, સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેનીના નિર્દેશન હેઠળ છે. મતલબ કે ગયા અઠવાડિયે હેલિકોપ્ટર દુર્ઘટનામાં ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસી અને વિદેશ મંત્રીના મૃત્યુ પછી પણ તેની કોઈ અસર નહીં થાય. ઈઝરાયલ-હમાસ યુદ્ધને કારણે મધ્ય પૂર્વમાં વધી રહેલા તણાવ વચ્ચે ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીનો રિપોર્ટ આવ્યો છે. ઈઝરાયેલ અને ઈરાને ગયા મહિને પહેલીવાર એકબીજાના પ્રદેશ પર સીધા હુમલા કર્યા છે.

### ઈરાન પરમાણુ હથિયાર બનાવી શકે

આ શસ્ત્રોના ઉત્પાદનના સ્તરની નજીક છે જે ઈરાનને બહુવિધ પરમાણુ બોમ્બ બનાવવાની મંજૂરી આપશે. ઈરાનના પરમાણુ કાર્યક્રમે ૨૦૧૮ પછી વેગ પકડ્યો હતો જ્યારે તત્કાલીન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેહરાન સાથેના પરમાણુ કરારમાંથી એકપક્ષીય રીતે યુએસને પાછું ખેંચ્યું હતું.

# દિલ્હીની મેટ્રોમાં લાગી આગ મુસાફરોમાં ગભરાટ ફેલાયો

## રાજીવ ચોક સ્ટેશન પર પેન્ટોગ્રાફમાં આગની જ્વાળા દેખાઈ, પેન્ટોગ્રાફ અલગ કરી ટ્રેનને જવા દેવાઈ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

દેશમાં પ્રવર્તી રહેલી કાળઝાળ ગરમી વચ્ચે દેશના જુદા જુદા ભાગોમાંથી મોટી સંખ્યામાં આગના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ગુજરાત હોય કે દિલ્હીના વિવેક વિહારમાં આગની ઘટના હોય. બંને ઘટનાઓએ દેશને હચમચાવી નાખ્યો છે. આ દરમિયાન દિલ્હી મેટ્રોમાં પણ આગ લાગવાની ઘટના સામે આવી છે.

દિલ્હી મેટ્રોનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં જ્વાળાઓ દેખાઈ રહી છે. વીડિયો રાજીવ ચોક મેટ્રો સ્ટેશનનો છે. વીડિયોમાં મેટ્રો સ્ટેશનની ડિજિટલ ઘડિયાળમાં જોવામાં આવેલો સમય ૬.૨૩ મિનિટનો છે.સમગ્ર ઘટનાની વાસ્તવિકતા દિલ્હી મેટ્રો દ્વારા જણાવવામાં આવી છે. ડીએમઆરસીના પ્રિન્સિપલ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનુજ દયાલે કહ્યું કે વાયરલ થયેલા વીડિયોમાં ટ્રેનની છતમાંથી આછી આગ નીકળતી જોવા મળી રહી છે. આ ઘટના રાજીવ ચોક મેટ્રો સ્ટેશન પર બની હતી.ટ્રેન વૈશાલી તરફ જઈ રહી હતી અને સાંજે ૬.૨૧ વાગ્યે ટ્રેનની ઉપરથી જ્વાળાઓ નીકળવા લાગી. આ ઘટનાને પેન્ટોગ્રાફ ફ્લેશિંગ કહેવામાં આવે છે. ઈલેક્ટ્રીક એન્જીન પર લગાવેલ ડીવાઈસને પેન્ટોગ્રાફ કહેવામાં આવે છે, જેનું કામ એન્જીનમાં વીજળી પહોંચાડવાનું છે.

### પેન્ટોગ્રાફ ફ્લેશિંગ મુસાફરો માટે ખતરો નથી

આ ત્યારે થાય છે જ્યારે કોઈપણ વિદેશી વસ્તુ ટ્રેક પર સ્થાપિત થયેલ ઈલેક્ટ્રીકલ વાયર અને પેન્ટોગ્રાફ (વાયરમાંથી એન્જીન સુધી વિજળી પ્રસારિત કરતું ઉપકરણ) વચ્ચે અટવાઈ જાય છે. જો કે, આનાથી મુસાફરોને કોઈ પ્રકારનો ખતરો નથી. ઘટનાનું મૂળ કારણ શું હતું તે પણ જણાવ્યું હતું. જો કે વિદેશી વસ્તુ શું હતી અને તે ત્યાં કેવી રીતે ફસાઈ ગઈ તેની તપાસ કરવામાં આવશે.ટ્રેન ૫ મિનિટ પછી રવાના થઈ જે પેન્ટોગ્રાફમાં આગ લાગી હતી તેને તરત જ અલગ કરી દેવામાં આવી હતી અને ૫ મિનિટના વિલંબ બાદ ટ્રેન અન્ય પેન્ટોગ્રાફ સાથે વૈશાલી જવા રવાના થઈ હતી.

# ઈઝરાયેલની રફાહ સ્ટ્રાઈકના પગલે યુએન સિક્યોરિટી કાઉન્સિલની ઈમરજન્સી બેઠક

## બેન્જામિન નેતન્યાહુએ ઘટનાને દુઃખદ ભૂલ ગણાવી મિટિંગ માટે વિનંતી અલ્જેરિયા દ્વારા કરાઈ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

દક્ષિણ ગાઝાના શહેર રફાહમાં વિસ્થાપિત લોકોની શિબિર પર ઘાતક ઈઝરાયેલી અટેક બાદ યુએન સુરક્ષા પરિષદે આજે એક ઈમરજન્સી બેઠક બોલાવી છે. અહેવાલ છે કે, બંધ બારણે બેઠકની વિનંતી અલ્જેરિયા દ્વારા કરવામાં આવી હતી, જે હાલમાં કાઉન્સિલના બિન-સ્થાયી સભ્ય છે.


ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ગતરોજ સ્વીકાર્યું હતું કે દક્ષિણ ગાઝાના રફાહમાં ઈઝરાયેલી માર્ચમાં દુઃખદ ભૂલ થઈ હતી, જેના પરિણામે પેલેસ્ટિનિયનોના વિસ્થાપિત કેમ્પમાં આગ લાગી હતી અને અહેવાલ મુજબ ઓછામાં ઓછા ૪૫ લોકોના મોત થયા હતા. નેતન્યાહુએ સોમવારે ઈઝરાયેલની સંસદને સંબોધનમાં કહ્યું, નિર્દોષ નાગરિકોને નુકસાન ન પહોંચાડવા માટેના અમારા અત્યંત પ્રયત્નો છતાં, ગઈકાલે રાત્રે એક દુઃખદ ભૂલ થઈ હતી, અમે ઘટનાની તપાસ કરી રહ્યા છીએ અને નિષ્કર્ષ મેળવીશું. હમાસ સાથેના સંઘર્ષ માટે આ ઘટનાએ ઈઝરાયેલ સામે આંતરરાષ્ટ્રીય ટીકાને તીવ્ર બનાવી છે, તેના નજીકના સાથીઓએ પણ નાગરિક જાનહાનિ પર આક્રોશ વ્યક્ત કર્યો છે. રફાહ, ઈજિપ્તને અડીને ગાઝાની દક્ષિણ સરહદે આવેલું, એક મિલિયનથી વધુ લોકોનું ઘર હતું, જેમાં વિવિધ પ્રદેશોમાંથી વિસ્થાપિત થયેલ ગાઝાની લગભગ અડધી વસ્તી રહેતી હતી. ગાઝા આરોગ્ય મંત્રાલય દ્વારા અહેવાલ મુજબ, રવિવારની રાત્રિનો હુમલો સંઘર્ષમાં સૌથી ઘાતક હતો, હમાસે ઓક્ટો. ૭ ના રોજ ઈઝરાયેલમાં હુમલો કરીને યુદ્ધ શરૂ કર્યું, જેમાં પેલેસ્ટિનિયન આતંકવાદીઓએ લગભગ ૧,૨૦૦ લોકોની હત્યા કરી, જેમાં મોટાભાગે સામાન્ય નાગરિકો હતા, અને લગભગ ૨૫૦ બંધકોને કબજે કર્યા. ગયા વર્ષે યુદ્ધવિરામ દરમિયાન બાકીના મોટાભાગનાને મુક્ત કર્યા પછી હમાસ પાસે હજુ પણ લગભગ ૧૦૦ બંધકો અને લગભગ ૩૦ના અવશેષો છે. ગાઝાના ૨.૩ મિલિયન લોકોમાંથી લગભગ ૮૦% લોકો તેમના ઘર છોડીને ભાગી ગયા છે. ગંભીર ભૂખમરો વ્યાપક થયો છે, અને યુએન અધિકારીઓ કહે છે કે પ્રદેશના કેટલાક ભાગો દુકાળનો સામનો પણ કરી રહ્યા છે.

# ચક્રવાત રેમલે બંગાળમાં વિનાશ વેર્યો ૨૯ હજારથી વધુ મકાનને થયું નુકસાન

## મૃતાંક વધીને ૬ થયો, ૨૫૦૦ મકાનોનો સંપૂર્ણ નાશ, ૨૧૦૦થી વધુ વૃક્ષો ધરાશાયી,૧,૭૦૦ ઈલેક્ટ્રિક પોલ ખડ્યા

આજકાલ પ્રતિનિધિ
કોલકાતા

ચક્રવાત રેમલે પશ્ચિમ બંગાળમાં ભારે તબાહી મચાવી છે. આ વાવાઝોડાને કારણે ૬ લોકોના મોત થયા છે. જ્યારે ૨૫૦૦ મકાનો સંપૂર્ણ નાશ પામ્યા હતા અને ૨૭૦૦૦ મકાનો આંશિક રીતે ધરાશાયી થયા હતા.જો કે હવે ચક્રવાત નબળું પડી ને ફંટાઈ ગયું છે અને ધીમે ધીમે ખાના ખરાબીની ઘટક અસરો સામે આવી રહી છે. જો કે હવે ધીમે ધીમે જન જીવન થાળે પડી રહ્યું છે, અનેક લોકો હજુ પણ આશ્રય સ્થાનોમાં જ આશરો લઈ રહ્યા છે.ચક્રવાત રેમલે પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે તબાહી મચાવી છે. બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૬ લોકોના મોત થયાના અહેવાલ છે.



વાવાઝોડાને કારણે ૨૯ હજારથી વધુ મકાનોને નુકસાન થયું છે. આ દરમિયાન ૨૧૦૦ થી વધુ વૃક્ષો પડી ગયા છે. રાજ્ય સરકારના એક અધિકારીએ જણાવ્યું હતું કે ચક્રવાત રેમલથી ૨૪ બ્લોક અને ૭૯ મ્યુનિસિપલ વોર્ડમાં ૨૯,૫૦૦ મકાનોને આંશિક અથવા સંપૂર્ણ નુકસાન થયું છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યના વિવિધ ભાગોમાં ૨,૧૪૦ થી વધુ વૃક્ષો ધરાશાયી થયા છે અને લગભગ ૧,૭૦૦ ઈલેક્ટ્રિક પોલ પડી ગયા છે. પ્રારંભિક મૂલ્યાંકનથી જાણવા મળ્યું છે કે ક્ષતિગ્રસ્ત મકાનોમાંથી, ૨૭,૦૦૦ ને આંશિક નુકસાન થયું છે, જ્યારે ૨,૫૦૦ સંપૂર્ણપણે નાશ પામ્યા છે. અધિકારીઓએ ચેતવણી આપી હતી કે મૂલ્યાંકન ચાલુ હોવાથી આ આંકડાઓ બદલાઈ શકે છે. અધિકારીએ જણાવ્યું કે પ્રશાસને ૨,૦૭,૦૬૦ લોકોને ૧,૪૩૮ સુરક્ષિત આશ્રયસ્થાનોમાં ખસેડ્યા છે. તેમણે કહ્યું કે હાલમાં ત્યાં ૭૭,૨૮૮ લોકો છે. તેમણે કહ્યું, 'કુલ મળીને હાલમાં ૩૪૧ રસોડા દ્વારા તેમને ભોજન પહોંચાડવામાં આવી રહ્યું છે. અમે દરિયાકાંઠાના અને નીચાણવાળા વિસ્તારોમાં અસરગ્રસ્ત લોકોને ૧૭,૭૩૮ તાડપત્રીનું વિતરણ કર્યું છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં કાકદ્વીપ, નામખાના, સાગર દ્વીપ, ડાયમંડ હાર્બર, ફ્રેઝરગંજ, બકખલી અને મંદારમણિનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે ચક્રવાતને કારણે પાળામાં નાની-મોટી તિરાડો પડી હતી, જેનું તાત્કાલિક સમારકામ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું, 'અત્યાર સુધી પાળાના તૂટી જવા અંગે કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. જે પણ જાણ કરવામાં આવી હતી તે નાની હતી અને તરત જ સુધારી લેવામાં આવી હતી. ચક્રવાતને કારણે અત્યાર સુધીમાં છ લોકોએ જીવ ગુમાવ્યા છે. કોલકાતામાં એક મહિલા, દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં બે મહિલા, ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં એક અને પૂર્વ મેદિનીપુરમાં પિતા-પુત્રનું મોત થયું છે. ચક્રવાત 'રેમલ'ના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં સૌથી વધુ નુકસાન થયું છે.

# એલઆઈસી દર મિનિટે ૧૦.૬૨ લાખ રૂપિયાનો તોતિંગ નફો કરે છે

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ભારતીય જીવન વીમા નિગમ એટલે કે એલઆઈસી એ દેશની સૌથી મોટી વીમા કંપની છે. કંપનીએ તેના ત્રિમાસિક પરિણામો પણ જાહેર કર્યા છે. ખાસ વાત એ છે કે ચોથા ક્વાર્ટરમાં એલઆઈસીને દર મિનિટે ૧૦.૬૨ લાખ રૂપિયાનો નફો થયો છે. જો કે ગયા વર્ષના સમાન સમયગાળામાં એલઆઈસીના નફામાં માત્ર ૨ ટકાનો વધારો જોવા મળ્યો છે. બીજી તરફ કંપનીની આવકમાં પણ વધારો જોવા મળ્યો છે. પ્રીમિયમમાં પણ વધારો થયો છે. જો કે સોમવારે એલઆઈસીના શેરમાં થોડો વધારો જોવા મળ્યો હતો. ચાલો તમને એ પણ જણાવીએ કે એલઆઈસીના ચોથા ક્વાર્ટરમાં કેવા આંકડા જોવા મળ્યા. જાહેર ક્ષેત્રની દેશની સૌથી મોટી વીમા કંપની લાઈફ




ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એલઆઈસી) નો ચોખ્ખો નફો માર્ચ ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા છેલ્લા નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિક ગાળામાં બે ટકાના નજીવા વધારા સાથે રૂપિયા ૧૩,૭૬૩ કરોડ થયો છે. અગાઉ વીમા કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના સમાન ત્રિમાસિક ગાળામાં રૂપિયા ૧૩,૪૨૮ કરોડનો ચોખ્ખો નફો કર્યો હતો. ખાસ વાત એ છે કે આ ૯૦ દિવસમાં એલઆઈસીને દર મિનિટે ૧૦.૬૨ લાખ રૂપિયાનો ફાયદો થયો છે. એલઆઈસીએ સોમવારે શેરબજારને આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે ગયા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં તેની કુલ આવક વધીને રૂપિયા ૨,૫૦,૯૨૩ કરોડ થઈ છે, જે પાછલા વર્ષે આ જ ત્રિમાસિક ગાળામાં રૂપિયા ૨,૦૦,૧૮૫ કરોડ હતી. કંપનીની પ્રથમ વર્ષની પ્રીમિયમ આવક પણ માર્ચ ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ક્વાર્ટરમાં વધીને રૂપિયા ૧૩,૮૧૦ કરોડ થઈ છે, જે એક વર્ષ અગાઉના સમાન ક્વાર્ટરમાં રૂપિયા ૧૨,૮૧૧ કરોડ હતી. સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એલઆઈસીનો ચોખ્ખો નફો રૂપિયા ૪૦,૬૭૬ કરોડ હતો, જે અગાઉના નાણાકીય વર્ષમાં રૂપિયા ૩૬,૩૯૭ કરોડ હતો. જો શેરની વાત કરીએ તો સોમવારે એલઆઈસીના શેરમાં થોડો વધારો જોવા મળ્યો હતો. ડેટા અનુસાર એલઆઈસીના શેરમાં ૦.૫૮ ટકા એટલે કે રૂપિયા ૬નો વધારો જોવા મળ્યો હતો અને કંપનીના શેર રૂપિયા ૧૦૩૫.૮૦ પર બંધ થયા હતા. જો કે સોમવારે કંપનીના શેર રૂપિયા ૧૦૩૪.૨૫ પર ખુલ્યા હતા.

# સ્પેન, આયર્લેન્ડ અને નોર્વેના કારણે ઈયુ અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધોમાં આવી ખટાશ

## ત્રણેય દેશો પેલેસ્ટિનિયન રાજ્યને આપશે સત્તાવાર માન્યતા, રફાહ સ્ટ્રાઈક બાદ ઈઝરાયેલ સામે પ્રતિબંધો મૂકવા ઉઠી માગ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

યુરોપિયન યુનિયન અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધોમાં ગતરોજ તિરાડ પડી છે, કેમ કે આયર્લેન્ડ અને સ્પેન દ્વારા પેલેસ્ટિનિયન રાજ્યની રાજદ્વારી માન્યતા આપવાની પૂર્વસંધ્યાએ, મેડ્રિડનું કથન છે કે દક્ષિણ ગાઝાના રફાહ શહેરમાં તેના સતત ઘાતક હુમલાઓ માટે ઈઝરાયેલ સામે પ્રતિબંધો પર વિચાર કરવો જોઈએ.

ઈઝરાયેલના વિદેશ પ્રધાન કાત્ઝેએ સ્પેનને કહ્યું કે જેરૂસલેમમાં તેના વાણિજ્ય દૂતાવાસને પેલેસ્ટિનિયનોને મદદ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ દરમિયાન યુરોપિયન યુનિયનના વિદેશ નીતિના વડા જોસેપ બોરેલે આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતને ટેકો આપવા માટે વજન આપ્યું છે, જેમાં ફરિયાદી ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને હમાસ આતંકવાદી જૂથના નેતાઓ સહિત અન્ય લોકો સામે ધરપકડ વોરંટની માંગ કરી રહ્યા છે. સ્પેન, આયર્લેન્ડ અને નોર્વે આજે પેલેસ્ટિનિયન રાજ્યને સત્તાવાર માન્યતા આપવાનું આપઢે. જ્યારે ડઝનેક દેશોએ પેલેસ્ટિનિયન રાજ્યને માન્યતા આપી છે, ત્યારે કોઈ પણ મુખ્ય પશ્ચિમી દેશોએ આવું કર્યું નથી, અને તે સ્પષ્ટ નથી કે આયર્લેન્ડ, સ્પેન અને નોન-ઈયુ સભ્ય નોર્વેના આ પગલાથી કેટલો ફરક પડી શકે છે. જોકે, પેલેસ્ટિનિયનો માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે, જેઓ માને છે કે તે તેમના સંઘર્ષને આંતરરાષ્ટ્રીય વેલીડિટી મળી છે.

કાત્ઝેએ સ્પેન પર આરોપ મૂક્યો અને કહ્યું કે, પેલેસ્ટિનિયન રાજ્યને માન્યતા આપીને આતંકવાદને પુરસ્કાર આપવામાં આવ્યો છે. તેમણે રોમન કેથોલિક રૂઢિચુસ્તતાને જાળવી રાખવા માટે ૧૫મી સદીમાં શરૂ થયેલી કુખ્યાત સ્પેનિશ સંસ્થાનો ઉલ્લેખ કર્યો જેણે યહૂદીઓ અને મુસ્લિમોને ભાગી જવા, કેથોલિક ધર્મમાં રૂપાંતરિત કરવા અથવા કેટલાક કિસ્સાઓમાં મૃત્યુનો સામનો કરવાની ફરજ પાડી હતી. કાત્ઝેએ કહ્યું કે, કોઈ આપણને ધર્મ પરિવર્તન કરવા અથવા આપણા અસ્તિત્વને જોખમમાં નાખવા માટે દબાણ કરશે નહીં. જેઓ અમને નુકસાન પહોંચાડે છે, અમે બદલામાં તેનું નુકસાન કરીશું, સ્પેનિશ વિદેશ પ્રધાન જોસ મેન્યુઅલ આલ્બેરેસે ટિપ્પણીઓની નિંદા કરી છે, તેમણે કહ્યું કે, જે લોકો અમને કોઈપણ પ્રકારના ડરાવવાના પ્રચારથી વિભાજિત કરવા માંગે છે તેમની સામે, યુરોપિયનોની એકતાનો ખૂબ જ શક્તિશાળી સંદેશ મોકલવા માટે જરૂરી છે. સોમવારે સ્લોવેનિયાના વડા પ્રધાન રોબર્ટ ગોલોબે જણાવ્યું હતું કે તેમની સરકાર ગુરુવારે પેલેસ્ટિનિયન રાજ્યની માન્યતા અંગે નિર્ણય લેશે અને અંતિમ મંજૂરી માટે તેના નિર્ણયને સંસદમાં મોકલશે. સ્લોવેનિયાએ આ મહિનાની શરૂઆતમાં માન્યતા પ્રક્રિયા શરૂ કરી, અને સ્પેન, નોર્વે અને આયર્લેન્ડે જાહેરાત કરી કે તેઓ માન્યતા સાથે આગળ વધશે ત્યારથી ગોલોબ પ્રક્રિયાને ઝડપી બનાવવા દબાણ હેઠળ છે. બોરેલે જણાવ્યું હતું કે હવેથી, હું ક્યારેય ઈઝરાયેલ નહીં કહું પરંતુ નેતન્યાહુ સરકાર કહીશ કારણ કે આ સરકાર જ આ નિર્ણયો લઈ રહી છે.

# દેશના ૧૭ સ્થળોએ તાપમાન ૪૮ ડિગ્રીને પાર પહોંચી ગયું

## ત્રણ દિવસ પછી આકરી ગરમીમાંથી થોડી રાહત મળવાની અપેક્ષા

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

સોમવારે દેશમાં ૧૭ સ્થળોએ તાપમાન ૪૮ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું હતું. ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતના મોટા ભાગોમાં સતત ગરમીના કારણે લોકોના આરોગ્ય અને આજીવિકાને અસર થઈ રહી છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ના વડા મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે પશ્ચિમી વિક્ષેપ અને અરબી સમુદ્રમાંથી આવતા ભેજને કારણે ત્રણ દિવસ પછી આકરી ગરમીમાંથી થોડી રાહત મળવાની અપેક્ષા છે. તેમણે કહ્યું હતું કે અરબી સમુદ્રમાંથી આવતા પશ્ચિમી વિક્ષેપ અને ભેજને કારણે દેશના ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભાગોમાં વાવાઝોડાની અને પશ્ચિમ હિમાલય વિસ્તારમાં વરસાદની સંભાવના છે, જે લોકોને ગરમીથી રાહત આપી શકે છે.



### દિલ્હીમાં ગરમીનું મોજૂં યથાવત છે

રાષ્ટ્રીય રાજધાનીમાં આકરી ગરમી ચાલુ છે અને ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૮ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું છે. હવામાન કચેરીએ જણાવ્યું કે સોમવારે દિલ્હી માટે 'રેડ એલર્ટ' જારી કરવામાં આવ્યું હતું અને તે આગામી ત્રણ દિવસ સુધી યથાવત રહેશે. આઈએમડીએ જૂનમાં ઉત્તર-પશ્ચિમ ભારત અને મધ્ય પ્રદેશના આસપાસના ભાગોમાં વધુ સંખ્યામાં ગરમીના દિવસોની આગાહી કરી છે. મહાપાત્રાએ કહ્યું કે, જૂન મહિનામાં સામાન્ય રીતે ઉત્તર-પશ્ચિમ ભારતમાં ત્રણ દિવસ ગરમીનું મોજું રહે છે, પરંતુ આ વખતે આવી સ્થિતિ આ વિસ્તારોમાં વધુ બે-ચાર દિવસ રહી શકે છે, એટલે કે ત્યાં એવી ધારણા છે. આ વિસ્તારોમાં ચારથી છ દિવસ સુધી તીવ્ર ગરમીનું મોજું રહેશે. તેમણે કહ્યું કે દક્ષિણ દ્વીપકલ્પના ભારતના કેટલાક ભાગોને બાદ કરતાં સમગ્ર દેશમાં જૂન મહિનામાં મહત્તમ તાપમાન સામાન્યથી સામાન્ય કરતાં વધુ રહેવાની ધારણા છે. સોમવારે ૧૭ સ્થળોએ તાપમાન ૪૮ ડિગ્રીને પાર થતાં લોકોએ જીવલેણ ગરમીનો સામનો કરવો પડ્યો હતો.

# પુણે પોર્શ ક્રેશ કેસઃ બ્લડ સેમ્પલની હેરાફેરી મામલે તપાસ કરશે પેનલ

## ક્રાઈમ બ્રાન્ચે રૂા.૩ લાખ કર્યા જપ્ત : બે ડોક્ટર અને અન્ય એક વ્યક્તિએ કરી હતી ૧૭ વર્ષીય નબીરાના બ્લડ સેમ્પલની અદલા બદલી

આજકાલ પ્રતિનિધિ
પુણે

પુણે પોર્શ ક્રેશ કેસ મામલે સાસૂન જનરલ હોસ્પિટલના બે ડોકટરો અને એક કર્મચારીની ધરપકડ બાદ મહારાષ્ટ્ર સરકારે ત્રણ સભ્યોની સમિતિની સ્થાપના કરી છે, ધરપકડ કરાયેલા લોકો પર પૂણે પોર્શ કાર અકસ્માતમાં સામેલ કિશોર ડ્રાઈવરના બ્લડ સેમ્પલ સાથે છેડછાડ કરવાનો આરોપ છે.

૧૭ વર્ષીય આરોપીએ ૧૯ મેના રોજ નશામાં ડ્રાઈવિંગ કરતી વખતે મોટરસાઈકલ ચલાવતા બે એન્જિનિયરોની ગાડીને ટક્કર મારતા તેમનું મોત થયું હતું. મેડિકલ એજ્યુકેશન કમિશનર રાજીવ નિવતકર દ્વારા ૨૭ મેના રોજ જારી કરાયેલા આદેશમાં, ગ્રાન્ટ મેડિકલ કોલેજ અને જેજે ગ્રુપ ઓફ હોસ્પિટલ્સના ડીન ડો. પલ્લવી સાપલેને સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ સમિતિમાં ગ્રાન્ટ મેડિકલ કોલેજના ફોરેન્સિક મેડિસિન વિભાગના પ્રોફેસર ડો. ગજાનન ચવ્હાણ અને છત્રપતિ સંભાજી નગર સરકારી મેડિકલ કોલેજ અને સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના સ્પેશિયલ ડ્યુટી ઓફિસર ડો. સુધીર ચૌધરીનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર સરકારની ત્રણ સભ્યોની પેનલને આજે, ૨૮ મે, પુણેની મુલાકાત લેવાની સૂચના આપવામાં આવી છે. સસૂન જનરલ હોસ્પિટલના ડીન ડો. વિનાયક કાલેને તપાસ દરમિયાન સમિતિને સહકાર આપવા સૂચના આપવામાં આવી છે. પુણે પોલીસે સાસૂન હોસ્પિટલના ફોરેન્સિક મેડિસિન વિભાગના વડા ડો. અજય તાવેરની ધરપકડ કરી છે. આ ઉપરાંત હોસ્પિટલના મુખ્ય તબીબી અધિકારી ડોક્ટર શ્રીહરિ હલનોર અને સ્ટાફના સભ્ય અતુલ ઘાટકમ્બલેને ૩૦ મે સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા છે. પુણે પોલીસની ક્રાઈમ બ્રાન્ચે ૨૬ મેના રોજ રૂા.૩ લાખની વસૂલાત કરી હતી, જે કથિત રીતે ડોક્ટરોને આરોપી સગીરનું બ્લડ સેમ્પલ બદલવા માટે આપવામાં આવ્યા હતા, પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે જણાવ્યું હતું કે કિશોરના બ્લડ સેમ્પલને બદલી નાખવામાં આવ્યા હતા અને તેના સ્થાને અન્ય વ્યક્તિના નમૂના લેવામાં આવ્યા હતા. જો મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ ડોક્ટરોને દોષિત માને છે, તો આજીવન તેમના મેડિકલ લાઈસન્સ સસ્પેન્ડ કરી શકે છે.

દેશ-પરદેશની આજકાલ

તંત્રી સ્થાનેથી

# સવારમાં પહેલું કામ તમે મોબાઈલ જોવાનું કરો છો?

તમને ઉઠતાંવેંત પહેલો મોબાઈલ યાદ આવે છે? એવું મનાય છે કે સવારમાં જાગતાં જ પહેલો વિચાર જેવો આવે તે તમને સૌથી પ્રિય વ્યક્તિ કે વસ્તુ હોય. પ્રેયસી કે પ્રેમીનો વિચાર ઊંઘ ઊડતાં જ પહેલો આવતો હોય છે. તમને જો મોબાઈલનો વિચાર આવતો હોય તો મોબાઈલ તમારું પ્રિયજન છે. ઘણાને જોકે, પ્રિયજનનો મેસેજ આવ્યો છે કે નહીં તેનો પહેલો વિચાર આવતો હોય એટલે આંખ ઉઘડતાં જ મોબાઈલ ચેક કરતા હોય છે, તેમને માફી. પ્રેમમાં પડેલાઓના કોઈ ગુના ગણાય નહીં, પણ તમે જો મોબાઈલના પ્રેમમાં પડ્યા હો તો ચેતી જવા જેવું ખરું. મોબાઈલથી દૂર હોવાના ભયને મોનોફોબિયા કહે છે. પાસે મોબાઈલ ન હોય તો કોઈના ફોન આવી ગયા હશે, કોઈના મેસેજ આવી ગયા હશે એવી ઉત્કંઠા અને ઉત્સુકતા સતત રહે છે. મોબાઈલ સતત જોતા રહેવાનું પણ વ્યસન થઈ જાય છે.

મોબાઈલનું વ્યસન થઈ જવાથી શું થઈ જવાનું? એ કોઈ ધૂમ્રપાન કે શરાબ જેવું વ્યસન તો નથી જેનાથી કેન્સર કે એવી બીમારી થાય? તમે આવું પૂછશો અથવા વિચારશો. બીમારી થાય છે અને બહુ ગંભીર, વિચિત્ર બીમારી થાય છે. ચાલો ગણીએ શું શું થાય છે મોબાઈલ વ્યસનથી. તમે રઘવાયા રહો છો, ઈમ્પલ્સિવ. તમે આભાસી દુનિયામાં જીવવા માંડો છો અને વાસ્તવિક જગત સાથેનો તમારો નાતો ઓછો થતો જાય છે. મોબાઈલના ઉપયોગ વખતે સમયનું ભાન રહેતું નથી. સતત નીચા જોતા રહેવાથી ગરદનની સમસ્યા થાય છે, જેને ટેક્સ્ટ નેક કહે છે. ટેક્સ્ટ મેસેજ કરતા રહેવાથી થતી બીમારી છે. મોબાઈલ ફોનને કારણે છૂટાછેડા થવાનું પ્રમાણ વધ્યું છે. મોબાઈલ શંકાનું કારણ બનવા માંડે તો જોખમી છે. આ સિવાયની ઘણી માનસિક-શારીરિક અસર થાય છે, પણ તમને આશ્ચર્ય એ જાણીને થશે કે તમને મોબાઈલનું વ્યસન લગાવવામાં આવે છે અને એ વ્યસન ચાલુ રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે. એ સમજતા પહેલાં વ્યસનને સમજીએ. આપણે જે ચીજના વ્યસની બની ગયા હોઈએ એનાથી જે થ્રિલ મળે તે ડોપામાઈન નામના એક હોર્મોનને આભારી છે. ડોપામાઈન તમને આનંદિત બનાવે છે. વ્યસનની ચીજ મળે એટલે ડોપામાઈન રિલીઝ થાય. તમે આનંદિત થાઓ. જ્યારે તમને ફેસબુક પર લાઈક મળે ત્યારે ડોપામાઈનનો સ્રાવ થાય. જ્યારે તમે કોઈનો મેસેજ મળશે એવી અપેક્ષાએ ફોન ખોલો અને મેસેજ હોય ત્યો ડોપામાઈનનો સ્રાવ થાય. કોઈ નવા સમાચાર મળે ત્યારે પણ આ જ થાય. તમને ખબર છે? જુગારમાં પણ આ જ નિયમ લાગુ પડે. એટલે જ લોકોને જુગારની લત લાગી જાય. વ્યસન લાગી જાય. હવે વધુ મહત્ત્વની વાત. આ વ્યસન લગાડવાનું કામ ટેક્નોલોજી કંપનીઓ કરે છે. ફેસબુક, ગૂગલ વગેરે બધા કરે છે. સ્માઈલી, હગ, હાર્ટ વગેરેનો ઉપયોગ યૂઝરને જકડી રાખવાનો છે. લાઈકનાં બટન, તાત્કાલિક રિસ્પોન્સ વગેરે દ્વારા યૂઝરને સતત પકડી રાખવામાં આવે છે. તેને તે પ્લેટફોર્મ, તે સાઈટ, તે એપ પર પાછો આવવા માટે મજબૂર કરે છે. તમે એક ફોટો અપલોડ કરો પછી દર થોડી મિનિટે જોશો કે કેટલી લાઈક મળી, કેટલી કોમેન્ટ આવી? તમને નોટિફિકેશન મોકલીને એપ જોવા માટે આમંત્રણ આપવામાં આવે. હ્યુમન સાઈકોલોજીના આધારે આ બધું કરવામાં આવે છે.

# બહુ વિચાર કરો છો? મન શાંત નથી રહેતું?

**મન રાક્ષસ માલિક કરતાં પણ ક્રુર, નિર્દય, નિર્મમ, નિષ્ઠુર છે. તેને કાબૂમાં કરવું એ વાયુને વહેતો રોકવા જેવું દુષ્કર છે પણ જો તમે જાગૃત રહો, મનને તમારાથી અલગ જોવાની ટેવ પાડો તો તેના પર કાબૂ સંભવ છે. અને કાબૂમાં આવેલું મન અદભૂત પરિણામો આપી શકે**

વિચારવાયુ થઈ જાય છે ? બહુ વિચારે ચડી જવાય છે ? મન અશાંત રહે છે ? ચિત્ત કયાંય ચોંટતું નથી ? મનમાં ઉદ્વેગ રહે છે ? તણાવમાં રહો છો ? ચિંતા રહે છે ? નાની અમથી વાતમાં મન આળું થઈ જાય છે ? તમારા જવાબ 'હા' હોય તો પણ બહુ ચિંતા કરવા જેવું નથી, થોડી કરવી. અને જો તમારા જવાબ 'ના' હોય તો તમે અદભૂત વ્યકિત છો, સાધુ છો, પામી ગયા છો. તમારે હવે આગળ કશું વાંચવાની પણ જરૂર નથી. મનનું કામ છે વિચાર કરવાનું. મનનું કામ છે ચિંતા કરવાનું. મનનું કામ છે તમને સાવધાન કરવાનું. મનનું કામ છે એનાલિસિસ કરવાનું. એટલે મન વિચારે તે નોર્મલ છે, વધુ પડતું વિચારે તે એબનોર્મલ છે. મન ચિંતા કરે તે જરૂરી છે, વધુ પડતી ચિંતા કરે તે ચિંતાજનક છે. થોડો તણાવ રહે તે નોર્મલ છે, વધુ પડતો તણાવ ડિપ્રેશન તરફ દોરી જાય છે, હતાશા પેદા કરે છે.

મન રાક્ષસ જેવું માલિક છે. સંપૂર્ણ દયારહિત. ક્રુર. લાગણીશૂન્ય. મન તમારા પર એટલું જબરદસ્ત નિયંત્રણ રાખે છે, પકડી રાખે છે કે તમને લાગે છે કે મન છે તો જ તમે છો. મન વિચારે છે ત્યારે તમે કહો છો કે હું વિચારું છું. મન લલચાય છે

## વિચાર

**કાના બાંટવા**

ત્યારે તમે કહો છો કે હું લલચાઉં છું. મન આકર્ષાય છે ત્યારે તમને લાગે છે કે તમે આકર્ષાયા છો. મન તમારા પર એટલું હાવી થઈ ગયેલું હોય છે કે તમે પોતાને અને મનને અલગ જોઈ જ નથી શકતા. તમે એ ભેદ જ નથી કરી શકતા કે મન અલગ છે, તમે અલગ છો, શરીર અલગ છે. આ ત્રણ સ્તરો તમને દેખાતાં જ નથી. શરિર, મન અને તમે એ ત્રણેય સ્તરોને એક સાથે જૂઓ છો તમે. જ્યાં સુધી મનને પૃથક કરીને જોઈ ન શકાય ત્યાં સુધી તેની પકડમાંથી છૂટવાનો ઉપાય નથી. મન તમને એ પણ સ્વીકારવા દેતું નથી કે તે તેના માલિક છે. તમે પણ નથી સ્વીકારી શકતા. તમે એવો દંભ કરો છો કે તમે માલિક છો અને મન તમારું ગુલામ છે. જ્યારે તમે ડાયાબિટિસ છતાં મીઠાઈનો ટૂકડો ખાવાની લાલચ રોકી શકતા નથી ત્યારે તમે મનના ગુલામ હોવાની સાબિતિ આપો છો. જયારે તમે કોઈ સ્ત્રી કે પુરૂષ તરફ ચોરીછૂપીથી પણ, કામુક નજરે જોઈ લો છો ત્યારે સાબિતિ આપો છો. જયારે તમે સવારે વહેલા ઉઠવાનો રાતે લીધેલો નિર્ણય બદલીને એલાર્મને બધં કરીને ફરી રજાઈમાં ઘૂસી જાઓ છો ત્યારે સાબિતિ આપો છો. જયારે તમે સિગારેટ પીવો છો ત્યારે...જયારે તમે...જે ન કરવા જેવું હતું અને તમે કરો છો, જે કરવા જેવું નથી કરતાં તે દરેક બાબતમાં તમે સાબિતિ આપો છો કે મન તમારું માલિક છે. અને મન બહુ ક્રુર માલિક છે. અત્યતં ઘાતકી. નિર્મમ. નિષ્ઠુર. નિર્દય. કઠોર.

મનની નિર્દયતા તમે કયારેય નોંધી છે ? જરા જેટલો પણ ખ્યાલ રાખશો તો ધ્યાનમાં આવી જ જશે. મન તમને સતત અપરાધભાવમાં રાખે છે, ભયમાં રાખે છે, દાબમાં રાખે છે. જેમ નિષ્ઠુર રાક્ષસ માલિક કોઈ ગુલામ પાસે આખો દિવસ મજૂરી કરાવે, જરા વિશ્રામ લેવાનો પ્રયત્ન પણ કરે તો કોરડા ફટકારે, ભોજન પણ અડધું પડધું જ આપે, કપડાં પણ ન આપે. સાંજે એ જ ગુલામની ચામડી ચીરીને લોહી પીવે, ઉતરડીને માંસ ખાય પછી એ જ ઘાવમાં મીઠું ભભરાવે, મરચું ભભરાવે. મરવા પણ ન દે, જીવવા પણ ન દે. આવો રાક્ષસ માલિક પણ મન પાસે ટૂંકો પડે, મન એટલું નિર્દય છે. એ તમને ભોગ માટે લલચાવે છે. પોતે તેમાંથી મજા લે છે અને પછી તેનો ગુનો તમારા પર ઓઢાડી તમને ગિલ્ટ ફીલ કરાવે છે. તમને ડોકટરે તળેલું ખાવાની મનાઈ કરી હોય તો પણ તમને ધરાર ગાંઠિયાભજિયા તરફ ખેંચે છે. તમને મજબૂર કરે છે ખાવા માટે. ખાઓ છો ત્યારે સ્વાદની મજા પણ એ લે છે. અને પછી, એ ફરસાણ ખાવા માટે પોતાની જાતને રોકી ન શકયો એવો ટોણો મન જ સૌથી પહેલો મારે છે. તમને અપરાધભાવથી ભરી દે છે. તમે ગમે તેટલું નક્કી કરો કે દારૂને હાથ જ લગાડવો નથી. તમે સોગદં ખાધા હોય, પત્નીએ અલ્ટીમેટમ આપી દીધું હોય, ડોકટરોએ બીક બતાવી હોય કે હવે જો દારૂનું ટીપું પણ પીધું તો લીવર ખતમ થઈ જશે તો પણ મન તમને ધરાર દારૂ તરફ લઈ જાય છે. કયારેક પીવડાવવામાં સફળ પણ થાય છે. અને અંતે દોષનો ટોપલો તમારા પર ઢોળીને મન તમને આરોપી સાબિત કરી દે છે. પોતાના રંજન માટે, પોતાની મજા માટે, પોતાના સ્વાદ માટે, પોતાની વાસના માટે મન તમારો ઉપયોગ કરે છે, માલિકની જેમ. મનોરંજન શબ્દ એટલા માટે જ બન્યો છે. તનોરંજન શબ્દ પ્રચલિત નથી કારણ કે અંતે તો તનોરંજન પણ મનોરંજન જ છે. શરીરને જેમાં આનદં આવે છે એવું આપણે માનીએ છીએ તેમાં પણ ખરો આનદં તો મનને જ આવે છે. વાસ્તવમાં આનંદ, સુખ, પીડા, સંતાપ, ઉદવેગ વગેરે મનને જ થતી અનુભૂતિઓ છે. જીભ જયારે સ્વાદનો આનદં લે છે ત્યારે તે આનદં મનમાં આવતો હોય છે, જીભમાં નહીં. જીભને તો તકલીફ થતી હોય છે. જાતિય સુખ માણવામાં આવે છે ત્યારે શરીરને તો થાક લાગે છે, મજા તો મનને આવે છે. શરીરના સ્તર પરની કોઈ પણ આનંદની અનુભૂતિ હકીકતમાં શરીરને પીડા છે, તકલીફ છે, મન માટે આનદં છે.

મન કયારેય તૃપ્ત થતું નથી. ચાળણીમાં પાણી ભરી શકાય તો મન તૃપ્ત થાય. એ વધુ ને વધુ માગતું રહે છે. મન માગે મોર. તૃપ્ત ન થવું, સતત ચંચળ રહેવું, અસ્થિર રહેવું, ભરમાવતાં રહેવું, ભય દેખાડતાં રહેવું, શોષણ કરવું એ મનના સ્વભાવગત લક્ષણો છે. ભગવદ ગીતામાં મનને અદભૂત રીતે સમજાવવામાં આવ્યું છે. ગીતા ધર્મગ્રથં બાદમાં, માનસ શાસ્ત્રનો ગ્રથં પ્રથમ છે. ગીતાના છઠ્ઠા અધ્યાયમાં ચૌંત્રિસમા સ્લોકમાં અર્જુન કૃષ્ણને પૂછે છે, ચંચલ હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ ધ્ઢમ, તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ. અર્થાત, મન બહુ જ ચંચળ, ઈન્દ્રિયોને મથી નાખનાર, વિહવળ બનાવી દેનાર, દ્રઢ અને બળવાન છે. તેનો નિગ્રહ કરવો એ પવનને રોકી રાખવા જેવું કઠિન કામ છે. આગળના જ શ્લોકમાં કૃષ્ણ પણ મનના આ બળને સમર્થન આપતાં કહે છે.

અસંશયં મહાબાહો મનો દુનિગ્રહં ચલમ,
અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહયતે.

હે મહાબાહુ, એ વાતમાં સંશય નથી કે મન અતિ ચંચળ અને બહુ જ મુશ્કેલીથી નિયંત્રિત કરી શકાય એવું છે છતાં અભ્યાસ અને વૈરાગ્ય એમ બેવડા પ્રયત્નોથી તેને વશમાં કરી શકાય છે. આ જ અધ્યાયમાં અગાઉ ૨૪થી ૨૯મા સ્લોકમાં કૃષ્ણ મનને સ્થિર કેમ કરવું અને મન દ્રારા ઈન્દ્રિયોને કાબૂમાં કેમ રાખવી તે સમજાવે છે. મનને સ્થિર કરવા માટે વારંવાર તેને પાછું વાળવું, જે નિમિત્તે બહાર નીકળી ગયું હોય તે તે નિમિત્તોમાંથી તેને પાછું ખેંચી લેવું. આવું વારંવાર કરવાથી મનને વારી શકાશે, ટેવ પાડી શકાશે એવું કૃષ્ણએ કહ્યું છે.

આવું શકિતશાળી મન બને છે કેવી રીતે ? અને, બધાનાં મન રાક્ષસ માલિક જેવાં જ હોય છે ? મન સોફટવેર છે. એનાલિસિસ માટેનો સોફટવેર. મગજ હાર્ડવેર છે. મનનું એનાલિસિસ માટેનું વ્યકિતગત અલ્ગોરિધમ વિકસે છે. દરેકનું મન અલગ અલગ પ્રકારનું અલ્ગોરિધમ વિકસાવે છે, પોતે વિકસે છે. જન્મથી જે અનુભવ, અનુભૂતિ થાય તે દરેકમાંથી મન બને છે, મન શીખે છે, મન પૃથ્થકરણ કરે છે, એનાલિસિસ કરે છે, પોતાને અપડેટ કરે છે, પોતાને બનાવે-વિકસાવે છે. નાનું બાળક જન્મે ત્યારે તેનું મન લગભગ કોરી પાટી જેવું હોય છે. તેનું જ્ઞાનશરીર જે કાંઈ સાથે લાવ્યું હોય તે પણ મન સાથે સીધું જોડાયેલું ત્યારે નથી હોતું. એ બાળકને જન્મતાંવેંત વરૂઓના ઝૂંડમાં મૂકી દેવામાં આવે અને માદા વરૂ એને પોતાના બચ્ચાંઓની સાથે ઉછેરે તો તે બાળકને વરૂઓના સંસ્કાર મળે, તેનું મન એવું બને, તે કાચું માંસ ખાવાનું પસદં કરે, માણસની જેમ બોલવાને બદલે વરૂની જેમ લાળી કરવાનું શીખે, ન્હોર મારતાં, બચકું ભરતાં, શિકાર કરતાં શીખે. જંગલબુકનો મોગલી જેના પરથી ઈન્સ્પાયર્ડ છે તે વરૂબાળની સત્ય ઘટના એક નહીં ઘણી બધી છે. અમલા અને કમલા નામની બે છોકરીઓની ઘટના ૧૯૨૦માં બની હતી. આ બંને છોકરીઓને વરૂઓના ટોળાંએ ઉછેરી હતી, તેનું વર્તન સાવ વરૂ જેવું જ હતું, બંનેને માણસ બનાવવાના પ્રયત્નો નિષ્ફળ ગયા અને એ સંઘર્ષમાં બંને મૃત્યુ પામી. માણસની જેમ જમતાં કે બોલતાં તો ન જ શીખી, કપડાં પહેરતાં પણ ન જ શીખી. આ ઘટનાઓ એ સમજાવે છે કે મન તેના અનુભવોનું એનાલિસિસ કહીને શીખે છે, બને છે અને વધુ ને વધુ વિસ્તૃત થતું જાય છે. મનને જેટલી વધુ માહિતી, જેટલા વધુ અનુભવ, જેટલી વધુ ટાસ્ક મળશે એટલું એ વિકસશે. જે આદિવાસીઓ હજી બહુ જ પારંપરિક જીવન જીવે છે તેની બુધ્દ્રિ, સમજણ અને મન એટલાં વિકસિત થયેલાં દેખાતાં નથી. મન છેક મૃત્યુ સુધી વિકસતું રહે છે. એ નવું નવું મેળવતું જ રહે છે. જેને સારી બાબતો, સારા અનુભવો, સારી માહિતી, સારૂ શિક્ષણ, સારૂ વાતાવરણ મળ્યું હોય, સારા સંજોગો મળ્યા હોય તેનું મન વિધેયાત્મક બને તેવી સંભાવના વધે. જેને ખરાબ વાતાવરણ, અનુભવ, સંસ્કાર, શિક્ષણ મળ્યા હોય તેનું મન નકારાત્મક બનવાની શકયતા વધુ. મન પોતે શીખતું રહે છે, સમજતું રહે છે, પોતે જ પોતાને બનાવે છે એટલે ખરાબ અનુભવોમાંથી પણ એનાલિસિસ કરીને સારૂ શીખી શકવા સમર્થ છે. બહુ જ ખરાબ વાતાવરણમાં પણ મન સારૂ અને વિધેયાત્મક બની શકે કારણ કે પરિસ્થિતિને મુલવવાની, તેને સમજવાની, તેના પરિણામોનો અંદાજ માંડવાની, ભવિષ્યની અસરો સમજવાની તેની શકિત છે. વાલિયો લૂંટારો વાલ્મીકિ બની શકયો તેની પાછળ તેનો ઉછેર નહીં મનને યશ આપવો પડે, જવાબદાર ગણવું પડે. માણસે માણસે મન અલગ હોય. તુંડે તુંડે મતિર્ભિન્ના.

આવા મથી નાખનાર, મહાશકિતશાળી મન જો બહુ જ વિચાર કરતું હોય, ચિંતા કરતું હોય, તણાવમાં હોય તો તે માંદું પડયું છે. ઈલાજ જરૂરી છે. અને ઈલાજ તબીબો નહીં તમે કરી શકો. મનનો ઈલાજ કરનાર માનસશાસ્ત્રીઓ પણ દર્દીને માત્ર મદદ કરતાં હોય છે, વિવિધ ટેકનીક અને ટુલ્સથી. સાજો તો દર્દી પોતાની તાકાતથી જ થાય છે. મનને જો કાબૂમાં રાખવું હોય તો મનને ઓળખો. એને જાગૃત રહીને જોતાં શીખો. જો તમે તમારા મનને અલગ પાડીને જોઈ શકશો તો તમને તેના માલિક બનો એવી સંભાવના પેદા થશે. એને જોઈ શકશો એટલે અટકાવી શકશો, રોકી શકશો. રોકવાના આ અભ્યાસથી અંતે એને ટેવ પડશે. અને એ તમારા નિયંત્રણમાં આવશે. જાગૃત રહેવું એ સૌથી મહત્ત્વનું પગલું છે. ધ્યાન કરવું, શાંત રહેવું, આનંદમાં રહેવું એ બધું જ ત્યારે શકય બનશે જયારે તમે જાગૃત હશો. તો, પ્રયત્ન કરો તમારા મનને તમારાથી અલગ પાડીને જોવાનો. પછી જુઓ વિચાર કોણ કરે છે, ચિંતા કોણ કરે છે. મન એવ મનુષ્યાણાં કારણ બંધન મોક્ષયોઃ મનુષ્યના બધંન અને મોક્ષનું કારણ મન જ છે. આ વાત પછી કયારેક.

## ક્રોસ વર્ડ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | 3 | | 4 | | | 5 |
| | | 6 | | | | | 7 | |
| | 8 | | | | 9 | | | |
| 10 | | | | 11 | | | 12 | 13 |
| | | 14 | | | | 15 | | |
| 16 | | | | 17 | 18 | | | |
| | | 19 | 20 | | 21 | | | |
| | 22 | | 23 | | | | 24 | |
| 25 | | | | | 26 | | | |

**આડી ચાવી**

૧. વ્યાજખાઉં (૪)
૪. .... ના પારખા ન હોય (૨)
૬. જીભને લબુક લબુક બહાર કાઢવી તે (૪)
૭. પદાર્થનો નાનામાં નાનો ભાગ (૨)
૮. તરત ચેતી જાય એવું (૩)
૯. નાવ, મોટો મછવો (૩)
૧૦. .... ગુજારી, આભાર માનવો તે (૨)
૧૧. બારણું (૨)
૧૨. ચિંતા, પરવા (૨)
૧૪. વસ્તીવાળું (૩)
૧૬. વ્યાજબી, ઉચિત (૩)
૧૭. રાજા, બાદશાહ (૫)
૧૯. ..... જોયું ન હોય, ત્યાગ તે શું કરવાના (૨)
૨૧. ઓછું (૨)
૨૩. લખપત તાલુકાનું એક ગામ (૩)
૨૫. મા (૪)
૨૬. વળાવનારો (૪)

**ઉભી ચાવી**

૧. એક ગરમ પીણું (૨)
૨. ગધેડો (૩)
૩. પેન્સિલનું લખાણ ભૂંસે (૩)
૪. આબુ ઉપર નખી ... આવેલું છે (૪)
૫. અતિ સુક્ષ્મ (૨)
૭. ઈર્ષા (૩)
૮. પૈડું (૨)
૧૦. અઠવાડિયાનો એક વાર (૪)
૧૧. બાર (૩)
૧૩. જમીનમાં ખાતર નાખવું (૪)
૧૪. શાખ, નામના (૩)
૧૫. ઉત્તમ (૩)
૧૮. અધિકાર (૪)
૨૦. કમળનો છોડ (૩)
૨૨. તમે મારા.... ના દીધેલ છો (૨)
૨૪. સૂર્ય (૨)

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| દ | શ | ર | થ | | આ | મ | ન્યા | |
| ત | મા | મ | | ઠ | | ઘ | | ચો |
| ક | | ઝ | ડ | પ | | પુ | કા | ર |
| | ફા | ટ | | ડા | મા | ડો | ળ | |
| પ્યા | ર | | મ | | ત | | જી | સ્મ |
| સા | ગ | | ગ | તા | ગ | મ | | ર |
| | તિ | લાં | જ | લી | | ના | ગ | ણ |
| શ્રી | | છ | | રા | મ | | ભ | |
| શે | તા | ન | | મ | ન | | રૂ | ટ |

# ડીએનએ ટેસ્ટ કઈ રીતે ઓળખ પ્રસ્થાપિત કરે છે?

## રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં બળીને કોલસા થઈ ગયેલા મૃતદેહો કોના છે તે જાણવા માટે ડીએનએ ટેસ્ટ સિવાય કોઈ વિકલ્પ નથી

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં મૃત્યુ પામનારાઓની ઓળખ માટે ડીએનએ ટેસ્ટ કરાશે.આગ વિકરાળ હોવાથી થોડી જ મિનિટોમાં સમગ્ર ગેમ ઝોન બળીને ખાખ થઈ ગયો હતો. મૃતકો અત્યંત ખરાબ રીતે દાઝી ગયા હોવાથી તેમની ઓળખ કરવા માટે ડીએનએ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ડીએનએ ટેસ્ટનો ઉપયોગ વ્યક્તિની આનુવંશિકતા અને ચોક્કસ ઓળખ મેળવવા માટે કરવામાં આવતો હોય છે.

સામાન્ય રીતે ડીએનએ ટેસ્ટ લોહી, થૂંક, લાળ, દાંત, વાળ, હાડકાં, નખ અને પેશાબ દ્વારા કરી શકાય છે. નમૂના લીધા પછી, ડીએનએ કોષોને વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા અલગ કરવામાં આવે છે. પછી તેની સરખામણી કરવામાં આવે છે. આ કામ ફોરેન્સિક નિષ્ણાતો દ્વારા કરવામાં આવે છે. દાંત અને હાડકામાં ઘણો સમય લાગે છે. તાજા લોહી કે લાળના નમૂનાના ડીએનએ પરિક્ષણ માટે રેપિડ હિટ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. આ ટેકનોલોજી વડે ૯૦ મિનિટની અંદર વ્યક્તિનું ડીએનએ પ્રોફાઈલ મેળવી શકાય છે.

લોહીનો નમૂનો લેવા માટે ખાસ તૈયાર કરાયેલા કેમિકલી ટ્રીટેડ ફિલ્ટર પેપરનો ઉપયોગ કરવામાં આવે છે. જોકે, આ તકનીકનો ઉપયોગ માત્ર જીવત વ્યક્તિના નમૂના લેવા માટે જ કરવામાં આવે છે.સામાન્ય રીતે, મૃતદેહોના કિસ્સામાં, સ્થિર લોહી, દાંત, વાળ, હાડકાં અથવા નખની તપાસને પ્રાથમિકતા આપવામાં આવે છે.

રાજકોટના ગેમ ઝોન જેવી ઘટનામાં ડીએનએ ટેસ્ટ માટે નમૂના લેવામાં આવતા હોય ત્યારે મૃતદેહનું જ્યારે પોસ્ટમોર્ટમ થાય ત્યારે શરીરના જે ભાગ પર ગરમીની અસર ઓછી થઈ હોય તે ભાગમાંથી મેડિકલ ઑફિસર નમૂનો લે છે.

ત્યારબાદ આ નમૂનાને એક યોગ્ય કન્ટેનરમાં જાળવીને ઠંડા તાપમાને શક્ય હોય એટલું જલદી લેબોરેટરીને મોકલી આપવામાં આવે છે. લેબોરેટરીના વૈજ્ઞાનિકો સ્ટાન્ડર્ડ ઑપરેટિંગ પ્રક્રિયા પ્રમાણે તે નમૂનામાંથી ડીએનએ મેળવવાની કાર્યવાહી કરે છે. જોકે, આ પ્રકારની ઘટનામાં જ્યારે મૃતદેહો ખૂબ જ બળી ગયા હોય ત્યારે એવું પણ બને કે ડીએનએ સેમ્પલ થકી વ્યક્તિની ચોક્કસ ઓળખ કદાચ ન પણ મળે.

આવા સંજોગોમાં વ્યક્તિની ચોક્કસ ઓળખ ન મળે ત્યાં સુધી મૃતદેહને ઠંડા તાપમાને સાચવી રાખવામાં આવે છે. આવા મૃતદેહનું ફરીથી પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે અને જરૂર પડે તો એ વખતે ફોરેન્સિક ઍક્સપર્ટ પણ હાજર રહે છે. વૈજ્ઞાનિકોની સલાહ પ્રમાણે શરીરના અલગ-અલગ ભાગો જેવા કે હાડકું કે દાંત કે દાઢના ભાગમાંથી એક નમૂનો લેવામાં આવે છે.

આ નમૂનામાંથી મળેલા ડીએનએ પ્રોફાઈલને સાચવી રાખવામાં આવે છે. મૃતકના નજીકનાં સગાં જેવાં કે માતા-પિતા, સંતાન કે ભાઈ-બહેનના ડીએનએ સાથે સરખાવવામાં આવે છે. જો બંને પ્રોફાઈલમાં સામ્યતા જોવા મળે તો તેના આધારે મૃતદેહની ઓળખ કરી શકાય.

ડીએનએ ટેસ્ટનો ઉપયોગ આનુવંશિકતાની ઓળખ કરવા માટે તો થાય જ છે. આ ઉપરાંત સ્વાસ્થ્યના ક્ષેત્રે, ડીએનએ અને જેનેટિક ટેસ્ટિંગની મદદથી શરીરમાં જનીનો, રંગસૂત્રો અને પ્રોટિનમાં થતા ફેરફારો વિશે પણ જાણકારી મેળવી શકાય છે. ડીએનએ પરિક્ષણો થકી તમને કોઈ પ્રકારના જેનેટિક રોગનું જોખમ છે કે નહીં તે વિશે પણ જાણકરી મેળવી શકાય છે.

ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો મુખ્ય ઉદ્દેશ્ય તો આનુવંશિકતાના ગુણને કારણે વ્યકિતની ચોક્કસ ઓળખાણ મેળવવાનો છે. જોકે, બળાત્કારની ઘટનામાં પીડિત અને દોષિતના ડીએનએ પ્રોફાઈલની સરખામણી કરીને ઘટનાની સત્યતાને ચકાસી શકાય છે.

ગુમ થઈ ગયેલી વ્યક્તિ, અકસ્માતે મૃત્યુ પામેલ વ્યક્તિ કે અજાણ્યા મૃતદેહની ડીએનએ પ્રોફાઈલ જાળવી રાખવામાં આવતી હોય છે. જે બાદમાં કોઈ સગાં કે સંબંધીના હાજર થતાં એના નમૂના સાથે સરખાવીને મૃતકની ચોક્કસ ઓળખ સાબિત કરવામાં આવતી હોય છે.

આંતરરાષ્ટ્રીય સંશોધકોના એક સમૂહે વર્ષ ૧૯૯૦માં માનવ ડીએનએ વિશે સંશોધન કરવા માટે 'હ્યુમન જીનોમ પ્રોજેક્ટ'ની શરૂઆત કરી હતી. આ પ્રોજેક્ટ એપ્રિલ ૨૦૦૩ સુધી ચાલ્યો હતો, જેમાં માનવની સૌપ્રથમ ડીએનએ સિક્વન્સ વિકસાવી હતી. આ સિક્વન્સ માનવ બ્લુપ્રિન્ટ વિશે મૂળભૂત માહિતી પ્રદાન કરે છે. સદીઓ જૂના માનવઅવશેષો કેટલાં વર્ષ જૂના છે અને એ વખતે કેવી સ્થિતિ રહી હશે એની જાણકારી પણ ડીએનએના સિક્વન્સના આધારે જાણી શકાય છે.

જીન્સ દ્વારા જાણી શકાય છે કે બાળકનો દેખાવ તેના માતાપિતા અને પૂર્વજોને કેટલો મળતો આવે છે. આટલું જ નહીં, બાળકને તેના માતા-પિતા પાસેથી જનીન દ્વારા વારસામાં ગુણો અને ખામીઓ મળે છે. આનુવંશિક વિકૃતિઓ એટલે કે રોગો પણ જનીનોને કારણે થાય છે. ડીએનએ ટેસ્ટ દ્વારા એ જાણી શકાય છે કે માતા કે પિતા કોઈ આનુવંશિક રોગથી પીડિત છે કે નહીં, તે બાળકને પસાર કરવામાં આવશે કે નહીં. જો હા, તો પછી તમે કઈ જરૂરી સાવચેતી રાખી શકો?

ઘણીવાર પિતૃત્વની ઓળખ કરવા માટે ડીએનએ ટેસ્ટની મદદ લેવામાં આવે છે. જેમાં સંભવિત પિતા અને બાળકના ડીએનએ સેમ્પલ લેવામાં આવે છે. કારણ કે બાળકના પિતા તેના બાળકમાં ડીએનએનું યોગદાન આપે છે, પરીક્ષણ બંને વચ્ચેના જનીનોમાં મેચ જોવા મળે છે. કેટલાક પરીક્ષણો માતાના ડીએનએ પણ ચકાસી શકે છે. આ સાથે ભાઈ-બહેનો પણ ઓળખાય છે.

અન્ય પરીક્ષણોની જેમ, ડીએનએ પરીક્ષણમાં પણ નિષ્ફળતાની સંભાવના છે. આ માનવીય ભૂલથી લઈને સાચો નમૂનો ન લેવા અથવા નમૂના સાથે ચેડાં કરવા અથવા કોઈ વસ્તુ સાથે મિશ્રિત થઈ શકે છે. જોકે તેની શક્યતાઓ ઘણી ઓછી છે.

## અવનવું

# ૬ લાખ આપીને મહિલાઓ આવે છે તોડફોડ કરવા!



ગુસ્સો કોઈના માટે સારો નથી. તેને રોકવા માટે લોકો વિવિધ ઉપાયો કરે છે. ધ્યાનથી લઈને યોગ સુધી બધું કરીને મનને શાંત રાખે છે, પણ આજકાલ અમેરિકા અને યુરોપિયન દેશોમાં રેજ રિચ્યુઅલ્સ એક નવો ટ્રેન્ડ છે. જંગલની વચ્ચે પાર્ટીનું આયોજન કરવામાં આવે છે. જ્યાં ગુસ્સે ભરાયેલી મહિલાઓએ જઈને ચીસો પાડીને પોતાનો ગુસ્સો કાઢે છે. તેઓ તોડફોડનું કરે છે. આવી પાર્ટીઓમાં હાજરી આપવા માટે મહિલાઓ ૫ થી ૬ લાખ રૂપિયા ચૂકવે છે.

અહેવાલ મુજબ, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મિયા મજિક તરીકે ઓળખાતા મિયા બંધુચી આ દિવસોમાં અમેરિકામાં આવી પાર્ટીઓ (રેજ રિચ્યુઅલ્સ)નું આયોજન કરી રહી છે. સાયબર સિક્યોરિટી એન્જિનિયર મિયા બંધુચીએ જણાવ્યું કે, ઘણી વખત જંગલની વચ્ચે આવી પાર્ટીઓનું આયોજન કરવામાં આવે છે. જ્યાં મહિલાઓને પોતાનો ગુસ્સો વ્યક્ત કરવાનો મોકો મળે છે. અમે લોકોને કહેવા માંગીએ છીએ કે ગુસ્સો ન કરો, આક્રમક ન બનો. આ અત્યંત જોખમી છે. પુરુષો માટે રડવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તેઓ કોઈપણ સંજોગોમાં આંસુ વહાવી શકતા નથી. એ જ રીતે મહિલાઓએ પોતાનો ગુસ્સો કાઢવો જરૂરી છે. આવી પાર્ટીઓમાં લોકો શું કરે? આ પ્રશ્નના જવાબમાં મિયા બંધુચીએ કહ્યું કે, અહીં મહિલાઓ આવે છે. પાડે છે, ગુસ્સો કાઢે છે, ત્યાં રાખવામાં આવેલી વસ્તુ તોડી નાખે છે. લાકડી જમીન પર મારે છે જેથી કોઈક રીતે તેમની અંદરની આક્રમકતા બહાર આવે. તેમનું મન શાંત થાય, એકવાર આ પ્રક્રિયા થઈ જાય પછી તેઓ ખૂબ જ હળવાશ અનુભવે છે. આ જ કારણ છે કે આવી પાર્ટીઓની માંગ વધી રહી છે. આવી પાર્ટીઓ માટે યોગ્ય જગ્યાઓ બનાવવામાં આવી છે. જ્યાં રાત્રી રોકાણ માટે રૂમ પણ બનાવવામાં આવ્યા છે. ઘણી પાર્ટીઓમાં હાજરી આપવા માટે મહિલાઓ ૭૦૦૦ થી ૮૦૦૦ ડોલર એટલે કે લગભગ ૬ લાખ રૂપિયા ચૂકવે છે. અહીં આવનારી મહિલાઓને ઉશ્કેરવામાં આવે છે. જ્યારે તેમની સાથે અન્યાય થયો હતો ત્યારે તેઓને યાદ કરવામાં આવે છે. તેમને તે સમયનું વાતાવરણ યાદ રાખવાનું કહેવામાં આવે છે. આવી જ એક પાર્ટીમાં હાજરી આપનાર કિમ્બર્લી હેલ્મ્સ તેને ચમત્કારિક ગણાવે છે. તેણે કહ્યું, એવી કોઈ જગ્યા નથી જ્યાં તમે મહિલાઓને આ રીતે ગુસ્સે થતી જોઈ શકો. આ ફક્ત હોર્મોનલ ફેરફારો માટે છે. આનાથી મને ઘણી શાંતિ મળી. પ્રખ્યાત ડોક્ટર આર્થર જાનોવ તેને તબીબી વિજ્ઞાન કહે છે. તેમણે કહ્યું, જ્યારે લોકો આવું કરે છે અને પોતાનો ગુસ્સો બહાર કાઢવા દે છે, ત્યારે તેમની ખુશીની ક્ષમતા ખરેખર વધી જાય છે.

# મંત્રીજીના બંગલામા કુદરતની અજાયબી લીમડાના ઝાડ પર પાકી છે રસદાર કેરી



તમે વિશાળ પીપળા અને વડના વૃક્ષો પર અન્ય છોડ ઉગતા જોયા હશે, પરંતુ લીમડાના ઝાડમાં અન્ય વૃક્ષો ઉગતા જોઈને થોડું આશ્ચર્ય થાય છે. ભોપાલ શહેરમાં કુદરતના બદલાયેલા સ્વરૂપનું ઉદાહરણ સામે આવ્યું છે. રાજ્યના પંચાયત ગ્રામીણ વિકાસ અને શ્રમ વિભાગના મંત્રી પ્રહલાદસિંહ પટેલના બંગલામાં વાવેલ વૃક્ષ સમાચારોમાં છે. અહીં લીમડાનું ઝાડ છે, પણ તે કેરી આપે છે. મંત્રીએ જ્યારે આ ઝાડ જોયું તો તેઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા. તેણે ઈન્ટરનેટ મીડિયા પર અજાયબીનો ફોટો અને વીડિયો શેર કર્યો. જે બાદ આ ઝાડની ચર્ચા દરેક જગ્યાએ થવા લાગી.

પ્રહલાદ પટેલનું રહેઠાણ ભોપાલની પ્રોફેસર કોલોની પાસે સિવિલ લાઈનમાં બી-૭ બંગલામાં છે. તેમના બંગલાની આસપાસ મોટી સંખ્યામાં વૃક્ષો અને છોડ લગાવવામાં આવ્યા છે. આની વચ્ચે એક લીમડાનું ઝાડ પણ છે, જેના પર કેરીના ફળ છે. હાલમાં આ બંગલામાં બાંધકામનું કામ ચાલી રહ્યું છે. આ દરમિયાન પ્રહલાદ પટેલ બંગલાની તપાસ કરવા આવ્યા હતા. વૃક્ષો અને છોડનો સંગ્રહ કરતી વખતે તેની નજર આ ઝાડ પર પડી અને તેણે જોયું કે લીમડાના ઝાડ પર આંબાની એક ડાળી પણ હતી જે રસદાર ફળોથી લદાયેલી હતી. આ જોઈને તેણે પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું. ઈન્ટરનેટ મીડિયા પર વીડિયો શેર કરતા તેણે લખ્યું- જ્યારે મેં નજીક જઈને ભોપાલ સ્થિત લીમડાના ઝાડ પર કેરીના ફળ જોયા તો મને આનંદ થયો. કેટલાક કુશળ માળીએ વર્ષો પહેલા આ પ્રયોગ કર્યો જ હશે, જે આશ્ચર્યથી ઓછું નથી. આ વૃક્ષ લગભગ ૨૦ થી ૨૫ વર્ષ જૂનું હોવાનો અંદાજ છે. આ બંગલો આ વર્ષે પ્રહલાદ પટેલને ફાળવવામાં આવ્યો છે. અગાઉ ઓમપ્રકાશ સકલેચા અહીં રહેતા હતા. તેઓ શિવરાજ સરકારમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના મંત્રી હતા. મુખ્ય પ્રધાનના નિવાસ પછી, તે રાજધાનીના તમામ બંગલાઓમાં સૌથી મોટો છે. આ બંગલામાં એક સમયે મુખ્યમંત્રીનું કાર્યાલય રહેતું હતું. પીસી સેઠી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેઓ અહીં રહેતા હતા. તે ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાનો શિવભાનુ સિંહ સોલંકી અને સુભાષ યાદવનું નિવાસસ્થાન પણ હતું. તે પછી આ બંગલો લાંબા સમય સુધી ખાલી રહ્યો.

# એનિમલ કેફે માટે લોકોનો અનહદ પ્રેમ, દાનમાં આપ્યા ૨ કરોડ!



પાલતુ પ્રાણીઓને પ્રેમ કરતા લોકોની કોઈ કમી નથી. લોકો તેમને બાળકોની જેમ પ્રેમ કરે છે. તેમના માટે કંઈ પણ કરવા તૈયાર છે. આને ધ્યાનમાં રાખીને અમેરિકામાં એક કંપનીએ ડોગ કેફે ખોલ્યું હતું. જ્યાં કૂતરાઓ જઈને મજા કરતાં હતા. કૂતરાઓને બેસવા માટે ખાસ ખુરશીઓ ગોઠવવામાં આવી હતી. તેમની સેવા કરવા માટે વેઈટરો પણ હતા. શહેરના ઘણા લોકો તેમના પાલતુ પ્રાણીઓ સાથે અહીં જતા હતા. તેમના માટે પાર્ટીઓનું આયોજન કરવામાં આવતું હતું, પરંતુ હવે આ કાફેને તાળું મારી દેવામાં આવ્યું છે. બે મહિના પહેલા જ્યારે તેને બંધ કરવાની વાતો થઈ હતી ત્યારે સ્થાનિક લોકો આગળ આવ્યા હતા. તેને બચાવવા માટે ૨ કરોડ રૂપિયાનું દાન આપવામાં આવ્યું હતું, પરંતુ તેને બંધ થવાથી બચાવી શકાયું નથી. અહેવાલ મુજબ, અમેરિકાના તમામ મોટા શહેરોમાં કૂતરાઓ માટે રેસ્ટોરાં અને કાફે છે. અહી ડોગ માટે સેલ્મોન, ડક, ડુક્કર અને ટર્કીમાંથી બનાવેલ વિવિધ વાનગીઓ તૈયાર કરવામાં આવે છે. તેમને સેન્ડવીચ અને આઈસ્ક્રીમ પણ પીરસવામાં આવે છે. બેકન અને ઈંડા, પીનટ બટર પેનકેક અને માછલી અને ચિપ્સ પણ ઓફર કરવામાં આવે છે. જેથી શ્વાનને સ્વાદની સાથે યોગ્ય પોષણ મળી શકે. પાછલા વર્ષોમાં આવી ઘણી રેસ્ટોરાં ખુલી છે. ન્યૂયોર્કમાં બોરિસ એન્ડ હોર્ટન દ્વારા આવા બે કેનાઈન કાફે ખોલવામાં આવ્યા હતા. પરંતુ તાજેતરમાં તેના માલિકોએ કાફે બંધ કરવાની જાહેરાત કરી હતી. જેના કારણે સ્થાનિક લોકો રોષે ભરાયા હતા. સ્ટોરને બંધ થવાથી બચાવવા માટે તેઓએ ૨૫૦,૦૦૦ ડોલર એકત્ર કર્યા. તે કાફેના માલિકને આપ્યો, જેથી તે કાફે બંધ ન કરે.

પરંતુ એક દિવસ પહેલા, કાફેના માલિકો કોપી હોલ્ઝમેન અને લોગન મિખાલીએ ઈન્સ્ટાગ્રામ પર કહ્યું હતું કે તેઓ હવે તેને ચલાવવા માટે સક્ષમ નથી. તેઓને આ કાફે કાયમ માટે બંધ કરવાની ફરજ પડી છે. કાફે બંધ કરવાની જાહેરાત થતાં જ લોકો ગુસ્સે થઈ ગયા હતા. લોકોએ તરત જ જવાબ આપ્યો. પૂછ્યું- શું તે ૨ મહિના પહેલા લીધેલા ૨૫૦,૦૦૦ ડોલર પરત કરશે? તેના પર કંપની તરફથી ફરી એક જવાબ આવ્યો. તેણે લખ્યું, તમારા દ્વારા દાનમાં મળેલા પૈસાનો ઉપયોગ જીએમ અને ઈવેન્ટ મેનેજરની નિમણૂક માટે કરવામાં આવ્યો હતો. કાફેનું સમારકામ કરવામાં આવ્યું હતું. મોટાભાગની રકમ અહીં કામ કરતા ૨૫ કર્મચારીઓ પર ખર્ચવામાં આવી હતી. અમે અમારા તમામ ગ્રાહકોને પ્રેમ કરીએ છીએ પરંતુ અમારી પાસે ત્યાં પૂરતા ગ્રાહકો નથી. જેના કારણે અમે કાફેને ચલાવી શકતા નથી.

# અગ્નિકાંડમાં વેલ્ડર ઝડપાયોઃ ગોંડલ મગફળી કાંડ જેવું થશે?

## રાજકોટ ટીઆરપી ગેમઝોનમાં વેલ્ડિંગ કરતીવેળાએ આગ લાગી હોવાથી ક્રાઈમ બ્રાંચે ગેમઝોનના પાર્ટનરના કાકા વેલ્ડરની કરી ધરપકડઃ ગોંડલના કરોડોના મગફળી અગ્નિકાંડમાં છેલ્લે દોષનો ટોપલો વેલ્ડર પર જ આવ્યો હતો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટના ગેમઝોન અગ્નિકાંડમાં સંચાલક, ભાગીદાર ત્રિપુટીને ક્રાઈમ બ્રાંચે પકડી પાડી હતી. આ ત્રણેયની પુછતાછ તેમજ ગેમઝોનમાં આગ લાગ્યાના વાયરલ થયેલા સીસીટીવીમાં વેલ્ડીંગ કરતી વખતે તણખા નીચે પડતા આગ ભભુકયાનું દેખાયું હતું. જેને લઈને તપાસનીશ ક્રાઈમ બ્રાંચ દ્વારા ગેમઝોનના ભાગીદાર આરોપી ગોંડલના રાહુલ રાઠોડના કાકા વેલ્ડર મહેશની પણ આજે ધરપકડ કરાઈ છે. વેલ્ડરની ધરપકડ થતાં ગોંડલના કરોડોના મગફળીના ગોડાઉનમાં લાગેલી આગનો કાંડ તાજો થઈ રહ્યા હોય તેવું છે. ગોંડલના આ મગફળી કાંડમાં છેલ્લે સીઆઈડી ક્રાઈમની તપાસમાં દોષનો ટોપલો વેલ્ડર પર જ ઢોળી દેવાયો હતો. રાજકોટના ૩૦-૩૦ માનવીઓને ભરખી જનારા અગ્નિકાંડમાં પણ શું છેલ્લે બલીનો બકરો વેલ્ડર જ બનશે કે કેમ ? તેવી ચર્ચાએ મગફળી કાંડના જુના કૌભાંડને લઈને વેગ પકડયો છે.

રાજકોટના ગેમઝોન અગ્નિકાંડમાં ક્રાઈમ બ્રાંચની ટીમે સાત આરોપી પૈકી ૩ આરોપી ભાગીદાર યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, ગોંડલના રાહુલ લલીતભાઈ રાઠોડ તથા મેનેજર નીતીન જૈનની ધરપકડ કરી છે. જે રીતે ગેમઝોનમાં આગ લાગી હતી તેમાં વેલ્ડીંગ કામ અત્યારે કેન્દ્રબિંદુ પર તણખો ઝરતા આગ લાગ્યાનું દેખાઈ રહ્યું છે. ક્રાઈમ બ્રાંચની પુછતાછ અને તપાસમાં વેલ્ડીંગ કામનો કોન્ટ્રાકટ રાહુલના પરિવાર પાસે હતો. તે સમયે રાહુલના કાકા મહેશ વેલ્ડીંગ કરતો હતો. મહેશે કે અન્ય ભાગીદારોએ કોઈ એવી તકેદારી રાખી ન હતી કે, તણખો ઝરશે તો આગ લાગશે. આવા કારણોસર આગ ભભુકી અને ભીષણ રૂપમાં ફેરવાઈ હતી. આ અગ્નિકાંડમાં મહેશની પણ આજે ક્રાઈમ બ્રાંચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

સાત વર્ષ પહેલા રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદાતી હતી અને ગોડાઉનમાં સ્ટોક થતો હતો. સરકારી વિભાગની સંસ્થાઓ દ્વારા આ કામગીરી સંભાળાતી હતી. સૌરાષ્ટ્ર તરફનો મગફળીનો જથ્થો ગોંડલ નજીક મોટા ગોડાઉનમાં સંગ્રહીત કરવામાં આવતો હતો. આ ગોડાઉન અચાનક સળગી ઉઠયું હતું અને કરોડોની મગફળી બળીને ખાક થઈ ગઈ હતી. જે તે સમયે સરકારે ગોંડલ પોલીસ પાસેથી તપાસ લઈને તાત્કાલીક ધોરણે સરકારની હાથવગી એજન્સી સીઆઈડી ક્રાઈમને તપાસ સોંપવામાં આવી હતી. સીઆઈડી ક્રાઈમના વડાના વડપણ હેઠળ આ તપાસ થઈ હતી અને જે તે સમયે આ તપાસમાં એવું કલીક થયું હતું કે, ગોડાઉનમાં વેલ્ડીંગ કામ ચાલતું હતું ત્યારે તીખારો થતાં આગ ભભુકી હતી. તે સમયે વેલ્ડર સહિત અન્ય આરોપીઓની ધરપકડ થઈ હતી. મગફળીમાં ધૂળ મીશ્રીત કરીને કરોડોનું કૌભાંડ થયું હતું અને આ બધો ઢાંકપીછોડો કરવા આગ ચાંપી દેવાયાની ખરી ખોટી વાતો ઉઠી હતી. અંતે સીઆઈડી ક્રાઈમે કરોડોના મગફળી આગ કૌભાંડમાં વેલ્ડર પર દોષનો ટોપલો ઢોળી દીધો હતો. આ રાજકોટના ગેમઝોનમાં હત્યાકાંડ જેવા અગ્નિકાંડમાં પણ છેલ્લે શું આ વેલ્ડર મહેશને જ બલીનો બકરો બનાવી દેવામાં આવશે કે શું ? તેવા પ્રશ્નોએ ચર્ચા વહેવા લાગી છે.

# વડોદરા, અંકલેશ્વર, આણંદ, દાહોદમાં ગેમઝોનને તાળાબંધી

## સરકારી તંત્ર દ્વારા આજે તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને રવિવારે પણ તંત્ર સક્રિય બન્યું હતું

અમદાવાદ

રાજકોટ ખાતે ગેમઝોનમાં બનેલી ઘટનાના પગલે દાહોદ ખાતે પણ વહીવટી તંત્ર સફાળુ જાગ્યુ છે. વડોદરાના પોલો મેદાન પર આઈપીએલ ફનપાર્ક બંધ તંત્રએ બંધ કરાવ્યું છે. તો દાહોદ મામલતદાર દ્વારા શહેરના ગેમઝોનમાં તપાસ હાથ ધરી બે ગેમ ઝોન સીલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અંકલેશ્વરમાં બે સ્થળે ચાલતા નાના ગેમ ઝોન સંચાલકો તાળાબંધી કરવામાં આવી છે.

આણંદ ખાતે પણ વહીવટી તંત્ર સફાળુ જાગ્યુ છે. સરકારી તંત્ર દ્વારા આજે તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને આજે રવિવાર હોવા છતાં તંત્ર સક્રિય બન્યું હતું અને તાત્કાલિક અસરથી આણંદ નગરપાલિકાના ફાયર બ્રિગેડ દ્વારા શહેરમાં ચાલતા ગેમ ઝોન ની તપાસ કરવામાં આવી હતી.ચીફ ફાયર ઓફિસર ધર્મેશભાઈ ગોર અને તેમની આણંદ ફાયર બ્રિગેડની ટીમ જોડાઈ હતી.

ભરૂચમાં ફાયર વિભાગ અને તંત્ર દ્વારા તપાસ શરુ કરી છે. ત્યાં અંકલેશ્વર માં રવિવારની રજા હોય એમ તંત્ર દ્વારા આ મુદ્દે તપાસ કરી છે કે કેમ તેવા સવાલ સામે આવી રહ્યા છે. આ વચ્ચે અંકલેશ્વર - વાલિયા રોડ પર ભડકોદ્રા ગામ પંચાયત ની હદ માં કાપોદ્રા પાટિયા પાસે એપલ પ્લાઝા ના ગેમ ઝોન ત્રીજા માળે આવેલ છે. જે ગેમ ઝોન માં જવા માટે એક માત્ર શટર આવેલ છે. અન્ય કોઈ માર્ગ જ નજરે પડ્યો ના હતો. તો રાજકોટ ઘટના બાદ ગેમ ઝોન બંધ હાલતમાં નજરે પડ્યું હતું. જે જોતા ખરેખર ગેમ ઝોન માં ફાયર સેફ્ટી કે અન્ય કોઈ માર્ગ છે કે કેમ તે અંગે સવાલ ઉભા થયા છે. આજ સ્થિતિ અંકલેશ્વર શહેર માં આવેલ તુલસી સ્ક્વેર બીજા માળે આવેલ ગેમ ઝોનમાં જોવા મળી હતી. બને સ્થળ સવાર થી જ તાળાં લટકતા જોવા મળ્યા હતા. ત્યારે ગેમ ઝોન સંચાલકો જાતે જ કેમ બંધ કર્યું તે ચર્ચા નો વિષય બન્યો છે. બંને સ્થળે શરુ થયેલ ગેમ ઝોન ની મજૂરી લીધી છે. કે કેમ અને જો લીધી ના હોય તો તંત્ર દ્વારા તપાસ કેમ કરવામાં આવી નથી. તે સવાલ ની શોધ કરતા પાલિકા ના ફાયર વિભાગ ના ઈન્ચાર્જ અરૂણ ઓઝા ને પૂછવામાં આવતા આ બાબતે તપાસ કરાઈ રહી છે. અને હાલ તુલસી સ્ક્વેર ખાતે નું ગેમ ઝોન બંધ કરાવી દેવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

ફાયર વિભાગ, અંકલેશ્વર મામલતદાર કચેરીના અધિકારીઓ, પાલિકા કર્મચારીઓ દ્વારા આ ઉપરાંત એપલ પ્લાઝા ખાતે પણ તપાસ કરી હતી. બંને સ્થળે ફાયર સેફટીનો અભાવ અને સિંગલ એન્ટ્રી-એક્ઝિટ હતી. તેમ મામલતદાર કચેરી ની તપાસ ટીમે જણાવ્યું હતું. વધુમાં ફાયર ટીમને સેફટી બાબતે બંને ગેમ ઝોન સામે કાર્યવાહી કરવા તાકીદ કરી હતી.

દાહોદ શહેરમાં આવેલ છાબ તળાવ અને ગોદી રોડ વિસ્તાર ખાતે આવેલ લેવલ અપ એમ બે ગેમ ઝોન તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ બંને ગેમ ઝોનમાં ફાયર સેફટીની સુવિધા છે કે નથી ?, એનઓસી છે કે નથી ? વિકેરે જેવી સેફટીઓ તેમજ સુવિધાને ધ્યાનમાં લઈ આ બંને ગેમ ઝોન તરફ દાહોદ મામલતદારની ટીમએ પોલીસને સાથે રાખી બંને ગેમ ઝોનમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ બંને ગેમ ઝોનમાં ફાયર સેફટી સહિત મહત્વની સુવિધાઓનો અભાવ જોવા મળતા દાહોદ મામલતદારની ટીમ દ્વારા જાહેર જનતાની સુખાકારી માટે બંને ગેમ ઝોનને સીલ કરી દેવામાં આવ્યા હતા.

દાહોદના છાબ તળાવ વિસ્તાર ખાતે આવેલ ગેમ માત્ર બે ઈન્ટરબીટર સિલિન્ડર મળ્યા તેમજ અવરજવર માટે માત્ર એક જ ગેટ હતો. ત્યારે મોદી રોડ ખાતે આવેલ લેવલ અપ ગેમ ઝોનમાં ફાયર સેફટી અને એનઓસી સહિતનો અભાવ જોવા મળ્યો હતો.

આ બંને ગેમ ઝોનના માલિકોની પૂછપરછ પણ હાથ ધરવામાં આવી રહી છે. આ બંને ગેમ ઝોનને સીલ કરવાની કામગીરી સાથે દાહોદ શહેરમાં આવેલ અન્ય વેપાર, ધંધાઓ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

# અમદાવાદના જાણીતા દાસ ખમણમાંથી નીકળી મધમાખી

અમદાવાદ,તા.૨૭

થોડા સમયથી ખાણીપીણીની ચીજોમાંથી માખી મચ્છર અને અન્ય જીવાત નીકળવાના બનાવો નું પ્રમાણ વધ્યું છે. જેમાં અમદાવાદના જાણીતા દાસ ખમણમાંથી મધમાખી નીકળતા ચકચાર જાગી છે. જેમાં ખમણમાંથી મધમાખી નીકળી હતી. અગાઉ પણ વિવિધ દુકાનોમાં મળતી ખાણીપીણીમાંથી માખી મચ્છર કે અન્ય જીવત નીકળવાના બનાવો બન્યા છે. તે સિવાય વસ્ત્રાપુરમાં ડોમીનોઝ પિત્ઝામાંથી જીવાત નીકળવાનો બનાવ બન્યો હતો.

આમ અવારનવાર ખાણીપીણીની ચીજવસ્તુઓમાંથી આ પ્રકારની જીવાત નીકળતા લોકોના સ્વાસ્થ્ય સાથે મોટુ જોખમ ઉભુ થાય છે. છત્તા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ પ્રકારની બેદરકારી દાખવતી દુકાનો સામે કોઈ પગલા લેવાતા નથી.

# સ્ટર્લિંગ હોસ્પિટલ્સની લાઈફસેવર પહેલ વ્યક્તિઓને આવશ્યક પ્રાથમિક સારવારની જાણકારી સાથે સજ્જકરશે

## મલ્ટિસ્પેશિયાલ્ટી હોસ્પિટલની નવી પહેલ ગુજરાતમાં પ્રાથમિક સારવારમાં મહત્વપૂર્ણ ફરક અને કટોકટીમાં પ્રતિસાદ આપવા માટેની કુશળતાઓ સાથે સ્વયંસેવકોને સજ્જ કરશે

ગુજરાતમાં મલ્ટિસ્પેશિયાલ્ટી હોસ્પિટલ સ્ટર્લિંગ હોસ્પિટલ્સે લાઈફસેવર નામની એક મોટી પહેલ શરૂ કરી છે, જેનો ઉદ્દેશ ૧૦,૦૦૦થી વધારે સ્વયંસેવકોને મહત્વપૂર્ણ પ્રાથમિક સહાયની જાણકારી અને કુશળતાઓ સાથે સજ્જ કરવાનો છે અને એ પણ નિઃશુલ્ક એટલે કે કોઈ પણ પ્રકારનાં ચાર્જ વિના. લાઈફસેવર નામમાં જ એનું મિશન કે એનો ઉદ્દેશ સમાયેલો છેઃ તાલીમ મેળવનાર દરેક વ્યક્તિને સંભવિત જીવનરક્ષક કે લાઈફસેવર બનાવવાનો, કટોકટી દરમિયાન મહત્વપૂર્ણ અસર ઊભી કરવા સક્ષમ બનાવવાનો. લાઈફસેવર પહેલ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)માંથી ચિંતાજનક આંકડાઓને પરિણામે ઊભી થયેલી મહત્વપૂર્ણ જરૂરિયાતો પૂર્ણ કરવાનો છે. આઈસીએમઆરનાં જણાવ્યાં મુજબ, ભારતમાં દર વર્ષે આશરે ૪૨૮,૦૦૦ મૃત્યુ તબીબી સારવાર મેળવવામાં વિલંબને કારણે થાય છે. ગુજરાતમાં પ્રાથમિક સારવારની કુશળતાઓ ધરાવતા બાયસ્ટેન્ડર્સ ન હોવાથી દર વર્ષે અનેક લોકો મૃત્યુ પામે છે. લાઈફસેવરનો મુખ્ય ઉદ્દેશ તબીબી કટોકટી દરમિયાન ઉચિત અભિગમ અને સમયસર કામગીરી કરવાથી હોસ્પિટલમાં ભરતી અગાઉ મૃત્યુની સંખ્યા ઘટાડવાનો છે. લાઈફસેવર ત્રણ તાલીમ કાર્યક્રમો ઓફર કરે છેઃ મૂળભૂત તાલીમ કાર્યક્રમ, જે પાયાની પ્રાથમિક સારવારની કુશળતાઓ પૂરી પાડી છે, જે લોકોને તબીબી કટોકટીમાં શું કરવું અને શું ન કરવું એ વિશે જાણકારી આપે છે. પછી એડવાન્સ્ડ ટ્રેનિંગ, જે રેપિડ રિસ્પોન્સ ટીમ્સ (આરઆરટી) તૈયાર છે. આ ટીમના સભ્યો જટિલ સ્થિતિમાં કટોકટીમાં ઊંડી જાણકારી ધરાવતી ટેકનિકોનો ઉપયોગ કરીને તબીબી વ્યવસાયિકોને ટેકો આપે છે. ત્યારબાદ ટ્રેન ધ ટ્રેનર કાર્યક્રમ સર્ટિફાઈડ કે પ્રમાણિત ટ્રેનર્સ તૈયાર કરે છે, જેઓ




તેમનાં સમુદાયોનાં સભ્યોને પ્રાથમિક સહાય કેવી રીતે એ શીખવે છે, જેથી સતત અને બહુસ્તરીય અસર થશે.

આ પહેલ પર સ્ટર્લિંગ હોસ્પિટલ્સનાં એમડી અને સીઈઓ ડો. સિમરદીપ ગિલે કહ્યું હતું કે, ચેતવણી વિના કટોકટી ઊભી થઈ શકે એવી દુનિયામાં તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવાથી જીવન અને મૃત્યુ વચ્ચે ફરક પાડી શકાય છે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સમાં અમે માનીએ છીએ કે, દરેક વ્યક્તિ જીવન બચાવવાની સંભવિતતા કે ક્ષમતા ધરાવે છે. અમારી લાઈફસેવર પહેલ સમગ્ર ગુજરાતમાં સમુદાયોને તબીબી કટોકટી દરમિયાન ઝડપથી કામ કરવા આવશ્યક કૌશલ્યો અને આત્મવિશ્વાસ સાથે સક્ષમ બનાવશે. સમયસર અને ઉચિત અભિગમ સુનિશ્ચિત કરીને અમારો ઉદ્દેશ નિવારી શકાય એવા મૃત્યુમાં ઘટાડો કરવાનો અને સજ્જતાનો અભિગમ વિકસાવવાનો છે. આપણે ખભેખભો મિલાવીને સલામત, વધારે જવાબદાર સમુદાય, જીવન બચાવવા ફરક લાવવા સજ્જસમુદાયનું સર્જન કરી શકીએ.

સ્ટર્લિંગ હોસ્પિટલ્સ અમદાવાદનાં ઈમર્જન્સી વિભાગના હેડ ડો. અભિષેક શર્માએ કહ્યુ હતું કેઃ અમદાવાદ જેવા ઝડપી શહેરમાં દરેક ક્ષણ કિંમતી છે. અહીં લાઈફસેવર પહેલ ખરેખર મહત્વપૂર્ણ છે. લોકો કટોકટી દરમિયાન ઘણી વાર નિઃસહાય હોવાનું અનુભવે છે, પરંતુ લાઈફસેવર તાલીમ સાથે તેઓ તાત્કાલિક કામગીરી કરવા સજ્જથશે. આ તાલીમ આપણાં નાગરિકોને વાસ્તવિક ફરક લાવવા સક્ષમ બનાવવા, વ્યવસાયિક તબીબી મદદ માટે આવે એ અગાઉ જીવન બચાવવા મદદરૂપ થશે. અમદાવાદનાં નાગરિકોને આ કુશળતાઓ સાથે સજ્જ કરીને અમે સલામત અને વધારે મજબૂત સમુદાયનું નિર્માણ કરીશું. લાઈફસેવર એક સાથસહકારમાં થતો પ્રયાસ છે, જેમાં ઈઆર વિભાગના હેલ્થકેર વ્યવસાયિકો, નિષ્ણાત જેવું માર્ગદર્શન પૂરું પાડતાં સ્વયંસેવકો, તાલીમ અને ટેકો તથા જાગૃતિ લાવવાની પ્રક્રિયા સંકલાયેલી છે. આનો અમલ નિયમિત કાર્યશાળાઓ અને વર્ચ્યુઅલ તાલીમ સત્રો, વેબિનારો મારફતે સમગ્ર ગ્રૂપમાં અમારા તમામ એકમોમાં બહુસ્તરીય અભિગમ મારફતે થશે, જેથી બહોળી ભાગીદારી ઊભી થશે. લાઈફસેવર પહેલ સાથે વ્યક્તિઓ અને સંસ્થાઓ તેમનાં સમુદાયોમાં મહત્વપૂર્ણ ફરક લાવી શકે છે. આપણે ખભેખભો મિલાવીને ખાતરી કરી શકીએ કે તબીબી કટોકટીમાં કોઈ વ્યક્તિને નિઃસહાયતનો અનુભવ ન થાય.

**સ્ટર્લિંગ હોસ્પિટલ્સ વિશેઃ**

સ્ટર્લિંગ ગ્રૂપ ઓફ હોસ્પિટલ્સ ગુજરાતમાં ટર્શરી કેરની અગ્રણી પ્રદાતા છે. બે દાયકાના અનુભવ સાથે કોર્પોરેટ હોસ્પિટલ ચેઈન રાજ્યમાં સૌથી મોટાં હોસ્પિટલ તરીકે બહાર આવી છે, જે અમદાવાદ, વડોદરા, રાજકોટ અને ગાંધીધામમાં ચાર હોસ્પિટલ અને કેન્સર સારવાર કેન્દ્રો ધરાવે છે. આ તમામ હોસ્પિટલમાં વિશિષ્ટ સેવાઓ પૂરી પાડવામાં આવે છે, જેમાં સર્જિકલ ઓન્કોલોજી, મેડિકલ ઓન્કોલોજી, રેડિયેશન ઓન્કોલોજી, કાર્ડિયાક સાયન્સિસ, ક્રિટિકલ કેર, પલ્મોનોલોજી, ગેસ્ટ્રોએન્ટેરોલોજી અને જીઆઈ સર્જરી, ન્યૂરોસાયન્સિસ અને સ્પાઈન સર્જરી સામેલ છે. હોસ્પિટલ સતત ઈમર્જન્સી અને અકસ્માતની સેવાઓ પૂરી પાડવા, ૨ કેથ લેબ્સ અને ૭ અત્યાધુનિક ઓપરેટિંગ થિયેટર્સ સાથે સજ્જ છે. હોસ્પિટલે વિવિધ વીમા કંપનીઓ, ટીપીએ, કોર્પોરેટ અને સરકારી યોજનાઓ સાથે જોડાણ કર્યું છે, જેથી કેશલેસ સારવારો પ્રદાન કરી શકાય. સમગ્ર ગુજરાતમાં સ્ટર્લિંગ હોસ્પિટલ્સ ટોચની તબીબી સારવાર માટે આશાનું કિરણ બની ગઈ છે. સ્ટર્લિંગ હોસ્પિટલ્સે ભૌગોલિક પહોંચની સાથે દર્દીઓની ઉત્કૃષ્ટ સારવાર દ્વારા વિશ્વાસ અને ભરોસાની દ્રષ્ટિએ નોંધપાત્ર વિસ્તરણ કર્યું છે.


## દુઃખદ અવસાન
## બેસણું-ખરેડા



**સ્વ.સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજા**
સ્વ.તા.૨૭-૦૫-૨૦૨૪

દિલગીરી સાથ જણાવવાનું કે મુળગામ ખરેડા હાલ ગોંડલ નિવાસી **સત્યપાલસિંહ છત્રપાલસિંહ જાડેજા** (ઉ.વ.૧૯) તા.૨૭-૦૫-૨૦૨૪ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**સદગતનું બેસણુંઃ તા.૩૦/૦૫/૨૦૨૪ ને ગુરૂવારે સવારે ૮ થી સાંજના ૬, તેમજ દશા શ્રાધ્ધઃ તા.૫-૬-૨૪ બુધવારે રાખેલ છે.**
**સ્થળઃ તેમના નિવાસ સ્થાન, ખરેડા, તા.કોટડા સાંગાણી મુકામે રાખેલ છે**

સ્વ.જયપાલસિંહજી જુવાનસિંહ જાડેજા (દાદા)
સ્વ.મહાવીરસિંહજી જુવાનસિંહજી જાડેજા (દાદા)
ઘનશ્યામસિંહજી જુવાનસિંહજી જાડેજા (દાદા)
પ્રદિપસિંહજી જુવાનસિંહજી જાડેજા (દાદા)
અનિરૂધ્ધસિંહજી જુવાનસિંહજી જાડેજા (દાદા)
છત્રપાલસિંહ જયપાલસિંહજી જાડેજા (પિતા)
હરપાલસિંહ જયપાલસિંહજી જાડેજા (કાકા)
ધર્મેન્દ્રસિંહ ઘનશ્યામસિંહજી જાડેજા (કાકા)
કૃષ્ણસિંહ મહાવીરસિંહજી જાડેજા (કાકા)
દશરથસિંહ ઘનશ્યામસિંહજી જાડેજા (કાકા)
સ્વ.ભગીરથસિંહ પ્રદિપસિંહજી જાડેજા (કાકા)

**તથા જાડેજા પરિવારના જય માતાજી**


# સોનું મેળવવાની લ્હાયમાં લોકોએ આખું ગામ ખોદી નાખ્યું, કલમ ૧૪૪ લાગુ કરાઈ

## બાંગ્લાદેશના ઠાકુરગાંવ વિસ્તારમાં છેલ્લા કેટલાય દિવસોથી લોકોનો જમાવડો, મહિલાઓ અને બાળકો પણ જોતરાયા

આજકાલ પ્રતિનિધિ
ઠાકુરગાંવ

અત્યારે જેનો ભાવ આસમાનને આંબી રહ્યો છે એ સોનું આસાનીથી મળી જાય તો બેડો પર થઈ જાય. આ માન્યતા આજની નહી, સદીઓ થી ચાલી આવે છે અને તેના લીધે જ સોનાની ચમક સહુને આકર્ષે છે. બાંગ્લાદેશના ઠાકુરગાંવ વિસ્તારમાં તો એક અજીબ ઘટના બની છે.

આ ગામની માટીમાં સોનું હોવાની ક્યાંકથી અફવા ઉડી ને લોકો એ સાથે લીને આખું ગામ જ ખોદી નાખ્યું, સ્થિતિ તો ત્યાં પહોચી કે તંત્રે કલમ ૧૪૪ લગાવવી પડી અને હવે સ્થિતિ કાબુમાં આવી શકી છે. એક તબક્કે તો લોકો દુર દુરથી ખોદકામ કરવા અહી આવવા લાગ્યા હતા. સ્થાનિક વહીવટીતંત્રએ પરિસ્થિતિને કાબુમાં લેવા માટે કલમ ૧૪૪ લાગુ કરવી પડી હતી. આ કારણે ભીડ તો ઓછી થઈ છે, પરંતુ ચર્ચા હજી ચાલુ છે.જોવાની ખૂબી તો એ છે કે પુરુષો તો ઠીક, બાળકો અને મહિલાઓ પણ આ કામ માં જોતરાયા હતા.ઠાકુરગંજના રાનીશંકેલ ઉપ-જિલ્લાના નિવાસી મહંતકુમારે કહ્યું, મેં લોકો પાસેથી સાંભળ્યું છે કે લોકોને અહીં સોનું મળી રહ્યું છે. હું પણ એટલે જ અહીં ખોદકામ કરવા આવ્યો છું.

ઈંટના ભઠ્ઠાના અધિકારીઓ ઈંટ બનાવવા માટે એક મહિના પહેલાં જ બહારથી રેતી લાવ્યા હતા.ત્યારે અચનાક જાણકારી મળી કે રેતીમાં સોનું ભળેલું છે.આથી અહી ભીડ વધવા લાગી.રાનીશંકેલ ઉપજિલ્લાના કાર્યકારી અધિકારી રકીબુલ હસને કહ્યું કે, બની શકે કે શરૂઆતમાં કોઈ ટુકડો મળી ગયો હોય પણ હું આ વાતનો સ્વીકાર કરતો નથી. જોકે, આ મામલો જેટલો મોટો છે, તેના કરતા વધુ તેની અફવા ફેલાઈ ગઈ છે.રકીબુલનું કહેવું છે કે ,જોકે મેં મારી આંખે કોઈ પણ વ્યકિતને જમીનમાંથી સોનું કાઢતા જોઈ નથી. રકીબુલ હસને કહ્યું, માટી લગભગ એક વર્ષ પહેલાં અહીં લાવવામાં આવી હતી.

જોકે, કેટલાક મજૂરોને એક મહિના પહેલાં કામ કરતી વખતે એક કે બે સોનાના સિક્કા મળ્યા હશે.ત્યાર બાદ આ વાત દરેક જગ્યાએ ફેલાઈ ગઈ કે અહીં જમીન ખોદવાથી સોનું મળે છે. શરૂઆતમાં તો થોડાક જ લોકો આવ્યા, પરંતુ ધીમે-ધીમે અલગ-અલગ ઉંમરના સેંકડો લોકો અહીં આવ્યા અને ખોદકામ શરૂ કરી દીધું.ખોદકામ થોડા દિવસો માટે બંધ રહ્યું, પરંતુ છેલ્લા અઠવાડિયાથી ભીડ ફરીથી વધવા લાગી. આસપાસના જિલ્લાના પણ કેટલાક લોકો સોનાની આશા સાથે અહીં આવે છે.

### ઝગડા વધતા કલમ ૧૪૪ કેમ લાગુ કરવી પડી

ઉપજિલ્લાના અધિકારીના કાર્યાલયમાંથી જાહેર કરવામાં આવેલી સૂચનામાં કહેવામાં આવ્યું છે, ઈંટ ભઠ્ઠાની માટીના ઢગલાઓ ખોદવાથી સોનું મળી રહ્યું છે. સ્થાનિક લોકો સહિત આસપાસના કેટલાક લોકો ત્રિકમ અને પાવડા લઈને માટી ખોદી રહ્યા છે અને તે સ્થળે સોનું શોધી રહ્યા છે. સોનું મેળવવાની આશામાં કેટલાક લોકો આક્રમક થઈને લડાઈ ઝઘડો પણ કરી રહ્યા છે.કાર્યકારી અધિકારી રકીબુલે જણાવ્યું, શરૂઆતમાં ઓછા લોકો હતા. છેલ્લા પાંચ-સાત દિવસોમાં વધારે લોકો આવવા લાગ્યા હતા. સ્થિતિ ખરાબ નહોતી અને નિયંત્રણમાં જ હતી. અમે નજર રાખી રહ્યા હતા. જોકે, ત્યાર બાદ અમે જોયું કે અહીં એટલા લોકો જમા થઈ ગયા છે કે આ એક બજાર ઊભું થઈ રહ્યું છે. આથી કલમ ૧૪૪ લાગુ કરવી પડી. હવે સ્થિતિ નિયંત્રણ હેઠળ છે . ઈંટનો ભઠ્ઠો સવારથી જ ખાલી છે અને કોઈને પણ ત્યા જવાની પરવાનગી નથી.

### પુરાતત્ત્વ ખાતાએ શું કહ્યું?

પુરાતત્ત્વ વિભાગની એક ટીમ ઘટનાસ્થળ પર પહોંચી હતી. ટીમે જમીનની તપાસ કરી અને જણાવ્યું કે ત્યાં કોઈ એવાં ખનિજ નથી. રકીબુલ હસને કહ્યું, જે જમીનને ખોદવામાં આવી છે ત્યાં અનાજનાં ખેતરો છે. જોકે, બની શકે કે આ સ્થળે પહેલાં એક હિંદુ મંદિરની પાસે એક મેળાની જગ્યા હતી. એવું માનવામાં આવી રહ્યું છે કે બ્રિટિશ કાળ દરમિયાન પૂજાના સમયે કેટલાક લોકોએ અહીં દાન કરવાની માનતા રાખી હશે.સ્થાનિક કંકનાથ જમીંદારીબારીના આસપાસના વિસ્તારોમાંથી માટી ખોદીને અહીં લાવવામાં આવી હતી. કેટલાક લોકો માને છે કે તેમનો જમીનમાં દાટેલો ખજાનો આ માટીમાં હોઈ શકે છે.હકીકતમાં આ ભઠ્ઠામાં ઈંટો બનાવવા માટે ઘણી જગ્યાએથી માટી લાવવામાં આવે છે.


**સ્વજન ગુમાવ્યાનું દુઃખ તો ઘણું જ હોય છે, પણ એ હળવું થય જાય છે, જયારે કોઈ આપણા સ્નેહી-સ્વજન કે મિત્ર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણી સાથે હોય. દુઃખનાં સમયમાં દિલસોઝી વ્યકત કરતું એક વાકય પણ ઘણી રાહત આપે છે.**

દેશ-પરદેશની
**આજકાલ**

દ્વારા આપના સ્વજનને આપતી શ્રધ્ધાંજલી-ભાવાંજલીને સૌરાષ્ટ્ર-કચ્છ નહિ પરંતુ, દેશ-વિદેશનાં તમામ ખુણાપર પહોંચાડવાનું હવે એકદમ સરળ બની ગયુ છે અને એ પણ અત્યંત નજીવા દરે

Shradhanjali.com™
Remembrance forever...

આજકાલ વર્તમાનપત્રમાં છપાતી દરેક શ્રધ્ધાંજલીની જાહેરાત શ્રધ્ધાંજલી ડોટ કોમ ઉપર માત્ર રૂા.૧૦૦ વધારેમાં, એક વર્ષ માટે પોસ્ટ કરવામાં આવશે.

**જાહેરખબર અત્યંત નજીવા દરે**

**ફિક્સ સાઈઝ**
અંદરના પાને

• 5x2: ₹300/-bw • 10x2: ₹1200/-bw
• 5x2: ₹500/-clr • 10x2: ₹1500/-clr
+GST Extra

(પ્રથમ તથા છેલ્લા પાને કોમર્શીયલ ભાવ લાગુ પડશે.)
(૧૦ તથા ૨૦ સેમી.થી વધુમાં પ્રત્યેક સેમી. રૂા. ૧૦૦/- લેખે થશે.)

*આવૃત્તિ મુજબ ભાવો અલગ-અલગ રહેશે*

-:સંપર્કઃ-

| RAJKOT | JAMNAGAR | BHAVNAGAR | PORBANDAR | AHMEDABAD |
|---|---|---|---|---|
| 99798 50589 | 94281 54413 | 98795 42542 | 98250 73588 | 98799 18199 |

# સરકારની નિષ્ફળતા સામે સોશિયલ મીડિયામાં પડી રહી છે ભારે પસ્તાળ

## સરકાર અને તંત્રની સાંઠગાંઠથી રાજ્યમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બેફામ બની હોવાના આક્ષેપઃ સોશિયલ મીડિયા પર ઉભરો ઠાલવતા નાગરિકો

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

રાજ્યના મુખ્યપ્રધાન કે મંત્રીઓ કે ભાજપના મોવડીઓ સ્થાનિક વહીવટીતંત્ર અને રાજકીય સાંઠગાંઠના પરિણામે રાજ્યના સમગ્ર વહીવટી તંત્રની પક્કડ ઢીલી પડી રહી હોવાની છાપ છેલ્લા ! થોડા દિવસથી ઉભી થઈ છે જે રીતે લોકો સોશિયલ મીડિયા ઉપર આક્રોશ ઠાલવી રહ્યા છે.ઈન્સ્ટાગ્રામ, ફેસબુક,જેવા પ્લેટફોર્મ પર ટ્રોલ થઈ રહયુ છે.

વર્તમાન સરકારમાં મોરબી ઝુલતા પુલ, વડોદરા હરણી બોટકાંડ અને રાજકોટ અગ્નિકાંડની દુર્ઘટનાઓ બની છે તેના કારણે સમગ્ર તંત્રની છબી ખરડાઈ છે. સરકારમાં બેઠેલા મંત્રીઓ કે અધિકારીઓમાં કામ કરવાની સમજણ, ક્ષમતા અને કૌશલ્ય ઉપર પણ સવાલ ઊભા કર્યા છછેસરકાર અને તંત્રની સાઠગાંઠના પરિણામે રાજ્યમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ બેફામ બની છે.

રાજકોટમાં સર્જાયેલા અગ્નિકાંડ માં મુખ્યત્વે કોઈપણ પ્રકારની મંજૂરી વિના વર્ષોથી ધમધમી રહેલા આ ગેમ ઝોન ગેરકાયદેસર પ્રવૃત્તિ સમાન છે સમગ્ર રાજ્યમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ બેફામ બની છે સ્થાપિતોની મજબૂત સાંઠગાંઠ હોવાનો ઉભરો લોકો સોશિયલ મીડિયામાં ઠાલવી રહ્યા છે.

દારૂના વેપારના કારણે લઠ્ઠા કાંડ ફેક્ટરીઓમાં બ્લાસ્ટ ગેરકાયદેસર દબાણના કારણે અકસ્માત સરકારી જમીન પર કબજા સહિતની પ્રવૃત્તિ નિયમ કરતા તત્વોને સરકારી તંત્ર કે પોલીસની કોઈપણ બીક નથી તેવું સ્પષ્ટ થઈ રહ્યું છે ગુજરાત હાઈકોર્ટની ફટકાર બાદ પણ લોકોને સરકાર પર ભરોસો રહ્યો નથી સરકાર માટે શરમજનક કહી શકાય તેવી સ્થિતિથી તંત્ર ચાલી રહ્યું છે તેનો આ પુરાવો છે.

ભૂતકાળમાં આવું જ વલણ હાઈકોર્ટે મોરબી ઝુલતા પુલ દુર્ઘટના અને વડોદરા બોટકાંડમાં સરકાર માટે અપનાવ્યું છે.રાજકોટમાં અગ્નિકાંડના કારણે કોઈપણ પ્રકારની મંજૂરી વિના વર્ષોથી ગેરકાયદે રીતે ચાલી રહેલા ગેમ ઝોનની વિગતો બહાર આવી છે તે ફકત હિમશિલાની ટોચ સમાન છે. સમગ્ર રાજ્યમાં ગેરકાયદે પ્રવૃતિઓ ફૂલીફાલી રહી હોવાનું અને અધિકારીઓ કે પોલીસ સાથે સ્થાપિત હિતોની મજબૂત સાંઠગાંઠ હોવાનો ઉભરો લોકો સોશિયલ મીડિયા પર ઠાલવી રહ્યા છે.

પ્રજાને સુરક્ષાનો અહેસાસ અપાવવામાં તંત્ર ઉણુ ઉતર્યું હોવાનો ઉભરો નાગરિકો ઠાલવી રહ્યા છે. સરકારમાં અવારનવાર ચિંતન શિબિરો થતી રહે છે, પરંતુ સચિવાલયના વિવિધ વિભાગોના સચિવો સ્થાનિક સ્તર સુધી તેમના વિભાગોના નિયમોનું પાલન છે કે નહીં તે માટે જવાબદાર ન હોય સ્થિતિ છે. મહિને બે મહિને એકાદ વખત કલેકટર કોન્ફરન્સ થાય અને સૂચનો આપવામાં આવે તે પછી વાસ્તવિક અમલ કેટલો થાય છે તેનું કોઈ તંત્ર ગોઠવાયેલું હોવાના કારણે દિન-પ્રતિદિન સ્થિતિ વધુ વકરી રહી હોવાની સાબિતિ સમાન છે છતાં સમયાંતરે થતી આવી ઘટનાઓને કારણે મંત્રીઓ-અધિકારીઓની નબળાઈ જવાબદારીઓનો અહેસાસ નહીં હોવાનું સ્પષ્ટ કર્યું છે. જે સચિવાલયમાં બેઠેલા અધિકારીઓ કે મંત્રીઓ પ્રાથમિક વહીવટી જવાબદારી સંભાળવામાં નિષ્ફળ રહયાનો સીધો સંકેત છે. નાગરિકો સોશિયલ મીડિયા ઉપર રોષ ઠાલવી રહયા છે.બીજી બાજુ રાજકોટના ધારાસભ્ય ના વર્તન ને વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા વિશ્વભરના ગુજરાતીઓએ ફટકાર વરસાવી છે આવા ધારાસભ્યનું રાજીનામું લખાવી લે તેવી ક્રિયા પણ વ્યક્ત કરી છે.આમ રાજકોટના અગ્નિકાંડ એ સોશિયલ મીડિયા પર પસતાળ પાડી છે અને સરકાર પર ફટકાર વરસાવી છે.

# અમદાવાદના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે શેર ટ્રેડિંગ સાયબર ફ્રોડમાં રૂપિયા ૧.૯૭ કરોડ ગુમાવ્યા

અમદાવાદ

શેરબજારમાં છેતરપિંડી વારંવાર સાંભળવા મળે છે. છેલ્લા એક સપ્તાહમાં બે અલગ-અલગ ઘટનાઓ જોવા મળી છે. આ છેતરપિંડીથી ૩ કરોડથી વધુનું નુકસાન થયું છે. એવું નથી કે આવી ઘટનાઓ કોઈ ખાસ લોકો સાથે કે અમુક શહેરોમાં જોવા મળી રહી છે. પણ આવી ઘટનાઓ સમગ્ર ભારતમાં છેતરપિંડીના કિસ્સાઓ જોવા મળી રહ્યા છે.

હવે સાયબર છેતરપિંડીઓએ શેરબજારમાં પણ છેતરપિંડી કરવાનો રસ્તો શોધી કાઢ્યો છે. નાણા બમણા કરવા જેવા મામલાઓ સાથે સંકળાયેલા કૌભાંડો સતત વધી રહ્યા છે. જેના કારણે પગારમાંથી બચેલા પૈસા પળવારમાં ખોવાઈ જાય છે. આવી સ્થિતિમાં તમે કેવી રીતે ઓળખી શકો કે કોઈ છેતરપિંડી કરનારા તમને છેતરવાનો પ્રયાસ કરી રહ્યો છે? શું તમારી જાતને અને તમારી બચતને આ કૌભાંડોથી બચાવવાનો કોઈ રસ્તો છે? જો તમે તમારી જાતને આ કૌભાંડોથી બચાવવા માંગતા હો તો તમારે શેરબજારમાં આવી છેતરપિંડીની પદ્ધતિઓ સમજવી જોઈએ.

અમદાવાદના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જે વાસણા રહે છે તેણે શેર ટ્રેડિંગ સાયબર ફ્રોડમાં રૂપિયા ૧.૯૭ કરોડ ગુમાવ્યા હતા. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાયેલી એફઆઈઆરમાં મધુકાંત પટેલે જણાવ્યું હતું કે, ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં તેને અજાણ્યા નંબર પરથી વોટ્સએપ પર મેસેજ આવ્યો ત્યારે તેની શરૂઆત થઈ હતી. મોકલનારા વ્યક્તિએ પોતાની ઓળખ સુનિલ સિંઘાનિયા તરીકે આપી હતી.

તેણે દાવો કર્યો હતો કે તે કરણવીર ધિલ્લોન નામના સ્ટોક માર્કેટ એક્સપર્ટ સાથે કામ કરતો હતો. સિંઘાનિયાએ તેને સ્ટોક વેનગાર્ડ ૧૫૦ નામના વોટ્સએપ ગ્રુપનો ભાગ બનવા કહ્યું. તે વોટ્સએપ ગ્રુપમાં સિંઘાનિયા અને ધિલ્લોને શેરબજારમાં રોકાણની વિવિધ પદ્ધતિઓ સમજાવવાનું શરૂ કર્યું. વોટ્સએપ ગ્રુપમાં બીજા ઘણા લોકો હતા. જે બાદ વાસણાને અન્ય વોટ્સએપ ગ્રુપમાં એડ કરવામાં આવી હતી.

સિંઘાનિયા અને ધિલ્લોન રોકાણની માહિતી આપતા હતા. કેટલીકવાર તેઓ વોટ્સએપ પર વીડિયો કોલ દ્વારા પણ વાત કરતા હતા.

એક મહિનાની અંદર વોટ્સએપ ગ્રુપમાં કેટલાક લોકોએ સિંઘાનિયા અને ધિલ્લોનની સલાહના આધારે શેરબજારમાં થયેલા ફાયદા વિશે પોસ્ટ કરવાનું શરૂ કર્યું. તે દાવાઓને સાચા માનીને પટેલે તેના પૈસા શેરબજારમાં રોકાણ કરવાનું શરૂ કર્યું. વાસણાને એક વેબસાઈટ પર લોગઈન કરવા માટે કહેવામાં આવ્યું હતું. આ પછી તેણે ૧.૯૭ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા.

# જિલ્લા પંચાયતોમાં ડીડીઓ સિવાયની ચેમ્બરમાંથી એસી હટાવવાના આદેશ

## ડે. ડીડીઓ અને શાખા અધિકારીઓની ચેમ્બરમાં એસી નહીં રાખી શકાય

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાત રાજ્યની જિલ્લા પંચાયતમાં અધિકારીઓને મળવાપાત્ર સુવિધાઓ સંબંધે સરકારી જોગવાઈનું પાલન કરાવવાની જિલ્લા વિકાસ અધિકારીની સુચનાથી ફરી ચર્ચા જાગી છે. તેમાં તમામ શાખા અધિકારીઓ અને ડેપ્યુટી ડીડીઓની ચેમ્બરમાંથી એર કન્ડિશનર હટાવી દેવાની સુચના અપાઈ છે. રાજ્ય સરકારની અધિકારીઓને મળવાપાત્ર સુવિધાની જોગવાઈ અને વિકાસ કમિશનરનાં વર્ષ ૨૦૨૦ના પત્રના પાલનથી અધિકારીઓએ ગરમીમાં અકળાવવાનું નક્કી બન્યું છે.

સરકાર દ્વારા વર્ગ૧ અને વર્ગ ૨ના અધિકારીઓને ચેમ્બરમાં મળવાપાત્ર સુવિધાઓના સંબંધમાં પણ જોગવાઈઓ કરવામાં આવેલી છે. તેમાં એસીની સુવિધા મળવાપાત્ર થતી નથી. આ ઉપરાંત રાજ્યના વિકાસ કમિશનર દ્વારા પણ આ સંબંધમાં રાજ્યની તમામ જિલ્લા પંચાયતને એપ્રિલ ૨૦૨૦માં પત્ર પાઠવીને સરકારી જોગવાઈઓનું પાલન કરાવવા સંબંધમાં પત્ર પાઠવવામાં આવેલો છે. જેના પગલે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સરકાર દ્વારા કરવામાં આવેલી જોગવાઈઓ અને વિકાસ કમિશનરની સુચનાઓનું પાલન કરવા સંબંધે ડેપ્યુટી ડીડીઓ ઉપરાંત જિલ્લા પંચાયતની તમામ શાખાના અધિકારીઓને લેખિતમાં સ્પષ્ટ સુચના આપવામાં આવી છે. હાલની કાળઝાળ ગરમીના દિવસોમાં એસી હટાવવાની વાતે પંચાયત વર્તુળમાં વ્યાપક ચર્ચા પણ જગાવી છે.

### ભારે વીજ વપરાશથી ભૂતકાળમાં શોટ સર્કિટ થતાં આગના બનાવ

ઈલેક્ટ્રીકલ નેટવર્કની ક્ષમતા કરતા વીજળીનો વપરાશ વધે ત્યારે આગ અકસ્માત સર્જાતા હોવાની વાત એકદમ સ્વાભાવિક છે. કેટલીક જિલ્લા પંચાયતમા ભૂતકાળમાં શોર્ટ સર્કિટના કારણે વિકરાળ આગ લાગવાનો બનાવ બન્યો હતો અને તે દરમિયાન ફર્નિચરની સાથે વર્ષો જુના રેકર્ડ પણ બળીને ભસ્મિભૂત થઇ ગયા હતાં. ત્યારે દાયકા જુનું ઈલેક્ટ્રીકલ નેટવર્ક ધરાવતી જિલ્લા પંચાયતની કચેરીમાં વધુ સંખ્યામાં એસી ચાલતા રહે તો ફરી અકસ્માત થવાની આશંકા નકારી શકાય તેમ નથી. ત્યારે દાયકા જુનું ઈલેક્ટ્રીકલ નેટવર્ક ધરાવતી જિલ્લા પંચાયતની કચેરીમાં વધુ સંખ્યામાં એસી ચાલતા રહે તો ફરી અકસ્માત થવાની આશંકા નકારી શકાય તેમ નથી.

### વધારાના વીજળીના બિલ અને ખર્ચને મંજૂરી આપવામાં આવશે નહીં

જિલ્લા વિકાસ અધિકારી દ્વારા અધિકારીઓને તેમની ચેમ્બરમાંથી તાત્કાલીક અસરથી એસી તેમજ મળવાપાત્ર ન હોય તેવી અન્ય સુવિધા દુર કરવા જણાવવામાં આવ્યું છે. સાથે જ ભવિસ્યમાં વીજળીનું બિલ વધુ આવશે તો તે અને અન્ય વધારાના ખર્ચ મંજુર કરવામાં નહીં આવે તથા આ સુચનાનો અમલ કરવાની જવાબદારી શાખા અધિકારીઓની રહેશે તેવી સ્પષ્ટ સુચના પણ અપાઇ છે. કર્મચારી વર્તુળમાં પણ આ સંબંધે હકારાત્મક અને નકારાત્મક પ્રતિભાવો આપવામાં આવતાં સંભળાઇ રહ્યાં છે.

# નગરપાલિકા કક્ષાએ કમિટી બનાવી ગેમ ઝોન સંબંધની તપાસ કરવા હુકમ

## ચીફ ઓફિસરની અધ્યક્ષતામાં ફાયર બ્રિગેડ, બાંધકામ, વીજ તંત્ર, મહેસૂલ, પોલીસ અને મિકેનિકલ અધિકારીઓની ટીમને દોડાવાશે

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

રાજકોટમાં સરકારી તંત્ર અને સંચાલકોની બેદરકારીથી ગેમ ઝોનમાં સર્જાયેલા અગન તાંડવમાં બાળકો સહિત માનવ જીંદગીઓ રોળાયાના પગલે પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ દ્વારા રાજયની તમામ નગરપાલિકાઓમાં ગેમઝોનમાં તપાસનો આદેશ કરાયો છે. ગેમ ઝોન સંબંધેની તપાસ કરવા ચીફ ઓફિસરની અધ્યક્ષતામાં ફાયર બ્રિગેડ, બાંધકામ, વીજ તંત્ર, મહેસૂલ, પોલીસ અને મિકેનીકલ અધિકારીઓની ટીમને દોડાવવામા આવી રહી છે. વિવિધ સરકારી તંત્રની કામગીરી પર સવામણનો સવાલ ઉભો કરી દેનારા અગનકાંડના કારણે રાબેતા મુજબ જ આ સંબંધે રાજ્ય વ્યાપી તપાસના આદેશ કરી દેવાયા છે. તેમાં તમામ નગરપાલિકા વિસ્તારમાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે. તારીખ ૨૬મીએ જ આ મુદ્દે પ્રાદેશિક કમિશનરની કચેરી, નગરપાલિકાના તમામ ઝોનમાં પણ તપાસ કરવા હુકમ કરાયો છે. આ માટે નગરપાલિકાના ચીફ ઓફિસરની અધ્યક્ષતામાં ટીમ બનાવીને તપાસ કરવા જણાવાયું છે. ફાયર ઓફિસર અને સિવિલ ઈજનેરે ઝોનમાં ક્ષેત્રફળ મુજબ માણસોની મહત્તમ વહન ક્ષમતા જાહેરમાં પ્રદર્શિત કરાયાની તથા આપાતકાલીન માર્ગ અને ફાયર સેફ્ટીની તપાસ કરવાની રહેશે. વીજ તંત્રે ઉપકરણો અનુસાર પાવર લોડ, વાયરોની ઈન્ટેગ્રીટી અને ઈન્સોટલેશન તપાસવાના રહેશે. મીકેનીકલ તંત્રે સાધનોની યોગ્યતા અને કાર્યદક્ષતા તપાસવાની છે. પાલિકાના ઈજનેરે જે બિલ્ડીંગમાં ગેમિંગ ઝોન હોય તેની સ્ટકચરલ સ્ટેબીલીટી સર્ટીફીકેટ તપાસવાના રહેશે. કોમન જીડીસીઆર અનુસાર આગના સમયે બહાર નીકળવાના માર્ગની તપાસ કરવાની છે. બિલ્ડીંગની બીયુ પરમિશન અને ફાયર સેફ્ટી સર્ટીફીકેટની તપાસ કરવાની રહેશે.

### ઈલેક્ટ્રીકલ અને ફાયર સેફ્ટી તથા સામાન્ય જરૂરતના લેખાજોખા થશે

નગરપાલિકાના ચીફ ઓફિસરે ગેમિંગ ઝોનમાં કરાયેલી તપાસનો રિપોર્ટ આપ્યા બાદ ચેકલિસ્ટ પ્રમાણે ઈલેક્ટ્રીકલ સેફ્ટી ફાયર સેફ્ટી અને ગેમિંગ ઝોનમાં સામાન્ય જરૂરતો સંબંધે શું સ્થિતિ છે. તેના લેખાજોખા કરવા માટે પણ ત્રણ અધિકારીઓની નિમણૂક કરાઇ છે.આ રિપોર્ટ તૈયાર કરીને સોફ્ટ કોપીમાં તેમજ સહી સિક્કા સાથે પીડીએફ ફોર્મેટમાં દેવા આદેશ આપવામાં આવ્યો છે.

### મંજૂરી ન હોય તો ગેમિંગ ઝોન બંધ

ગેમ ઝોનમાં શું તપાસ કરવી તેના માટે ચેકલિસ્ટ પણ અપાયું છે. તેમાં પોલીસ અને મહેસૂલી તંત્ર દ્વારા ગેમિંગ ઝોન ચલાવવા માટે નિયમ મુજબના મંજુરી, લાયસન્સ આપવામાં આવેલા છે, કે નહીં તેની સ્થળ પર ચકાસણી કરવાની છે. જો તપાસ દરમિયાન ગેમિંગ ઝોનના સંચાલકોએ મંજુરી મેળવેલી ન હોવાનું જણાય તો તુરંત ગેમ ઝોન બંધ કરાવી દેવાનો આદેશ અપાયો છે.

# સુરતમાં ૬ વર્ષનું બાળક મોબાઈલ જોતા સિક્કો ગળી ગયો

## માતા-પિતા બાળકને લઈને હોસ્પિટલ પહોચ્યાં હતા. જ્યાંથી સિવિલમાં બાળકનું ઓપરેશન હાથ ધરવામાં આવશે

સુરત

સુરતમાં ૬ વર્ષનું બાળક રમતા રમતા સિક્કો ગળી ગયો હતો જે બાદ બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે બાળકના ફેફસા વચ્ચેની નળીમાં સિક્કો અટકી ગયો છે ત્યારે પરિવારને જાણ થતા જ માસૂમને લઈને માતા પિતા હોસ્પિટલ પહોચ્યાં હતા

સુરતમાં માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. ૬ વર્ષનું નાનું બાળક મોબાઈલમાં જોતા સમયે સિક્કો ગળી ગયો. જે પછીથી બાળકની હાલત ગંભીર છે. તેનુ સુરતની સિવિલ હોસ્પિટલમાં ઓપરેશન કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

અગાઉ પણ આવા અનેક કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે ત્યારે સુરતમાં ૬ વર્ષનો માસૂમ મોબાઈલ જોઈ રહ્યો હતો તે સમયે તેના હાથમાં સિક્કો હતો જે રમતા રમતા મોમાં નાખતો હતો ત્યારે અચાનક જ સિક્કો મોંમાંથી સિધો તેના ગળામાં ઉતરી ગયો હતો. જે બાદ બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. બાળકના ફેફસા વચ્ચેની નળીમાં સિક્કો અટકી ગયો છે, ત્યારે પરિવારને જાણ થતા જ માસૂમને લઈને માતા પિતા હોસ્પિટલ પહોચ્યાં હતા. હાલ બાળકની હાલત ગંભીર છે ત્યારે સુરત સિવિલ હોસ્પિટલમાં ઓપરેશન હાથ ધરવામાં આવશે.

મળતી મુજબ બાળક મોબાઈલ જોઈ રહ્યું હતુ ત્યારે તેના હાથામાં આવેલો સિક્કો મોમાં નાખી રમત કરતા સિક્કો સિધો ગળામાં ઉતરી ગયો. જે બાદથી બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. માતા પિતાએ સિક્કો કાઢવા માટે કોશિશ પણ કરી પણ બહાર ન નિકળી શક્યો. જે પછી માતા-પિતા બાળકને લઈને હોસ્પિટલ પહોચ્યાં હતા. જ્યાંથી સિવિલમાં બાળકનું ઓપરેશન હાથ ધરવામાં આવશે.

# રાજકોટની ઘટના પછી જાગેલા તંત્ર દ્વારા ૧૦૧ ગેમ ઝોન બંધ કરાવાયાઃ ૨૦ને સીલ મરાયા

## ગેમઝોન, એમ્યુઝમેન્ટ પાર્ક, બોટિંગ માટે નવા નિયમો બનશેઃ ખાસ વેબસાઈટ બનાવાશે

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

રાજકોટના ગેમઝોનમાં થયેલ ભયાનક અગ્નિકાંડમાં ભડથુ થઈ ગયેલી એ નિર્દોષ જિંદગીઓ બાદ તંત્ર સફાળુ જાગ્યુ છે. રાજ્યના ૮ મહાનગરોમાં ગેમઝોનનો રીપોર્ટ રાજ્ય સરકારને સોપાયો છે. તમામ મહાનગરોમાં આવેલ ગેમઝોનની તપાસ પૂર્ણ થઈ ચુકી છે. કુલ ૧૦૧ ગેમઝોન તપાસને અંતે હાલ બંધ કરવામાં આવી છે. કુલ ૨૦ ગેમઝોન સીલ કરવામાં આવ્યા છે. ૮૧ ગેમઝોન હંગામી ધોરણે બંધ કરાયા છે. સૌથી વધુ અમદાવાદ શહેરમા ૩૪ એકમો પૈકી પાંચ સીલ કરી દેવાયા, ૨૯ એકમ બંધ કરાયા છે. રાજકોટ શહેરમા ૧૨ ગેમ ઝોન પૈકી ૮ સીલ કરાયા તો ૪ હંગામી ધોરણે બંધ કર્યા છે.

રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી નવી નીતી મામલે મહત્વના સમાચાર સામે આવ્યા છે. એમ્યુઝમેન્ટ પાર્ક, ગેમ ઝોન, બોટિંગ અને રોપ-વેની મંજૂરી માટે બનશે નવા નિયમો. હવેથી બનેલા નવા નિયમોનું કરવુ પડશે આકરૂ પાલન કરવુ ફરજિયાત થશે. રાજ્ય સરકાર દ્વારા નવા નિયમો તૈયાર કરવા નિર્દેશ કરાયા છે.

નવા નિયમો બનાવવા ખાસ કમિટીની રચના કરવામાં આવી છે. એમ્યુઝમેન્ટ પાર્ક અને ગેમ ઝોન માટે બે પ્રકારના સર્ટિફિકેટ લેવાના રહેશે. એમ્યુઝમેન્ટ પાર્ક અને ગેમ ઝોનમાં પરમેનેન્ટ અને પ્રાઈમરી સર્ટિફિકેટ લેવાના રહેશે.આ માટે ફાયરના સર્ટિફિકેશન માટે ખાસ વેબસાઈટ બનાવવામાં આવશે.

શહેરી વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, મહેસૂલ તથા ટાઉન પ્લાનિંગ સહિતના વિભાગોને વેબસાઈટ સાથે જોડવામા આવશે.આ માટે ઓનલાઈન મંજૂરી, સ્થળ તપાસ સહિતની વિગતો વેબસાઈટ પર અધિકારીઓ જોઈ શકશે. આગામી એક મહિનાની અંદર નવા નિયમોની તૈયારી, વેબસાઈટની કામગીરી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી છે.

તમામ એનઓસી ફક્ત કાગળ પર રહેતા તેમા ધારે તે રીતે છેડછાડ કરવામાં આવતી હતી. જો કે હવે વેબસાઈટ પર વિગતો ભરી દેવાથી શહેરી વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, મહેસૂલ તથા ટાઉન પ્લાનિંગ સહિતના વિભાગો આ માહિતી સરળતાથી જોઈ શકશે જેનાથી તાત્કાલીક એક્શન લઈ શકાશે કોઈ છટકબારી રહેશે નહી.

અગ્નિકાંડ બાદ રાજ્ય સરકાર નવી નીતિ મામલે મુખ્યમંત્રીએ બોલાવી હતી જેમા ગેમઝોન, એમ્યુઝમેન્ટ પાર્ક, બોટિંગ માટે નવા નિયમો બનશે. તથા રાજ્ય સરકાર દ્વારા નવા નિયમો તૈયારી કરવામા આવી રહી છે.

આ નવા નિયમો બનાવવા ખાસ કમિટીની રચના કરાઈ છે. એમ્યુઝમેન્ટ પાર્ક અને ગેમઝોન માટે બે પ્રકારના સર્ટિ હશે. તથા ફાયરના સર્ટિ. માટે ખાસ વેબસાઈટ બનાવવામાં આવશે. ઓનલાઈન મંજૂરી, તપાસની વિગતો વેબસાઈટ પર જોઈ શકશે. ૧ મહિનામાં નિયમોની તૈયારીની કામગીરી પૂર્ણ કરવા સૂચના અપાઈ છે.

# એમ્યુઝમેન્ટ પાર્ક અને ગેમઝોન માટે બે પ્રકારના સર્ટિફિકેટ લેવા જરૂરી

## રાજ્યના ૮ મહાનગરોમાં કુલ ૧૦૧ ગેમઝોનની તપાસનો રીપોર્ટ રાજ્ય સરકારને સોંપાયો

ગાંધીનગર

રાજકોટમાં થયેલા અગ્નિકાંડ પછીથી રાજય સરકાર સફાળી જાગી છે. સરકારે એમ્યુઝમેન્ટ પાર્ક, ગેમઝોન, બોટિંગ અને રોપ-વેની પરવાનગી માટે નવા નિયમો બનાવવાની જાહેરાત કરી છે. આ અંતર્ગત એમ્યુઝમેન્ટ પાર્ક અને ગેમઝોન માટે ૨ પ્રકારના સર્ટિફિકેટ લેવા જરૂરી હશે. આ સિવાય બધા જ યુનિટોએ પ્રાથમિક અને કાયમી એમ બે સર્ટિફિકેટો લેવા જરૂરી હશે. ઉલ્લેખનીય છે કે ગત શનિવારે રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગમાં ૩૩ લોકોના મોત થયા હતા.આ સિવાય કાયમી અને હંગામ બાંધકામ માટે પણ અલગ-અલગ સર્ટિફિકેટ લેવા ફરજિયાત હશે. નવી વેબસાઈટનું ગૃહ, મહેસૂલ, ટાઉન સહિતનાં વિભાગોની વેબસાઈટ સાથે જોડાણ પણ હશે. તમામ યુનિટોની ઓનલાઈન મંજૂરી, સ્થળ તપાસ અને સર્ટિફિકેટને વેબસાઈટ પર અધિકારીઓ જોઈ શકશે. આ તમામ કામગીરી એક મહિનાની અંદર પૂર્ણ કરવામાં આવશે.

રાજકોટના ટીઆરપી મોલમાં લાગેલી આગમાં બાળકો, મહિલાઓ સહીતના ૩૩ લોકોના કમકમાટીપૂર્ણ મૃત્યુ થયા બાદથી સરકાર જાણે સફાળી જાગી છે. આગ લાગી તે દિવસથી જ રાજ્યના તમામ ગેમઝોનને બંધ કરી દેવાયા છે. તેમજ ફાયર બ્રિગેડની તેમજ પોલીસ સહીતના તંત્રની મંજૂરી છે કે કેમ તેની તપાસ ચાલુ થઈ ગઈ છે. ગુજરાત હાઈકોર્ટે પણ સરકાર અને તંત્રને ફટકાર લગાવી છે. આ સ્થિતિમાં ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના સત્તાવાર નિવાસસ્થાને મહત્વની બેઠક મળી હતી.સીએમ બંગલે મળેલી બેઠકમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ રાજકુમાર, ડીજીપી સહીતના અનેક ટોચના અધિકારીઓ-મંત્રીઓ હાજર રહ્યા હતા.

સમગ્ર દેશમાં આગકાંડે હાહાકાર મચાવ્યા બાદ તાત્કાલી રીતે કેટલાક અધિકારીઓને નોકરીમાંથી કાઢી મુકાયા છે. હજુ આગામી દિવસોમાં વધુ કડક પગલા લેવાશેએ પણ નિશ્ચિત છે.

રાજ્યના તમામ મહાનગરોમા આવેલા ગેમઝોનની તપાસ પૂર્ણ થઈ છે. રાજ્યના ૮ મહાનગરોમાં કુલ ૧૦૧ ગેમઝોનની તપાસનો રીપોર્ટ રાજ્ય સરકારને સોંપાયો છે. ૧૦૧ ગેમઝોન પૈકી ૨૦ ગેમઝોન સીલ કરવામાં આવ્યા છે, અને ૮૧ ગેમઝોન હંગામી ધોરણે બંધ કરાવાયા છે. સૌથી વધુ અમદાવાદ શહેરમા ૩૪ ગેમઝોન પૈકી પાંચ સીલ કરી દેવાયા છે અને ૨૯ ગેમઝોન હંગામી ધોરણે બંધ કરાવાયા છે. રાજકોટ શહેરમા ૧૨ ગેમ ઝોન પૈકી ૮ સીલ કરાયા છે, તો ૪ હંગામી ધોરણે બંધ કરાયા છે.

# આંતરરાષ્ટ્રીય ટેનિસ ખેલાડીને મુંબઈથી ઝડપી લેવાયો

## ઈન્સ્ટાગ્રામ પરથી યુવતીના ફોટોગ્રાફસ ડાઉનલોડ કરીને તેના પોસ્ટર બનાવી તેમાં યુવતીને એસ્કોર્ટ ગર્લ દર્શાવીને તેનો મોબાઈલ નંબર લખીને બદનામ કરી હતીઃ ક્રાઈમ બ્રાન્ચમાં એક યુવતીએ નોંધાવી હતી ફરિયાદ

અમદાવાદ

અમદાવાદમાં રહેતા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ટેનિસ ખેલાડી માધવિન કામથની અમદાવાદ સાયબર ક્રાઈમ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. માધવિન કામથને તેની એક પરિચિત યુવતી સાથે કોઈ બાબતે તકરાર થઈ હતી. જેનો બદલો લેવા માટે તેણે ઈન્સ્ટાગ્રામ પરથી યુવતીના ફોટોગ્રાફ્સ ડાઉનલોડ કરીને તેના પોસ્ટર બનાવી તેમાં યુવતીને એસ્કોર્ટ ગર્લ દર્શાવીને તેનો મોબાઈલ નંબર લખીને બદનામ કરી હતી.

આ ગુનો નોંધાયો ત્યારે માધવિન ફ્રાન્સમાં ટુર્નામેન્ટ રમતો હતો. શનિવારે રાતના મુંબઈ પરત આવ્યો ત્યારે લુક આઉટ નોટીસને આધારે ઈમીગ્રેશન વિભાગના અધિકારીઓએ તેને ઝડપીને અમદાવાદ સાયબર ક્રાઈમને સોંપ્યો હતો. આ અંગે અમદાવાદ સાયબર ક્રાઈમ સેલ દ્વારા વધુ પુછપરછ શરૂ કરવામાં આવી છે. અમદાવાદ સાયબર ક્રાઈમમાં ગત ૨૩મી માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય ટેનિસ ખેલાડી માધવિન કામથ વિરૂદ્ધ એક યુવતીએ ફરિયાદ નોંધાવી હતી.

જેમાં યુવતીએ ફરિયાદ નોંધાવી હતી કે કોઈ વ્યક્તિએ તેના ફોટોગ્રાફ્સ વાળા પોસ્ટર્સને શહેરના પશ્ચિમ વિસ્તારમાં લગાવ્યા હતા. આ પોસ્ટરમાં યુવતીને એસકોર્ટ ગર્લ બતાવીને મોબાઈલ નંબર દર્શાવાયો હતો. અજાણ્યા નંબર પરથી તેને સતત કોલ આવતા તેને આ બાબતે જાણ થઈ હતી.

આ બાબતે અમદાવાદ સાયબર ક્રાઈમના અધિકારીઓએ જે સ્થળો પર પોસ્ટર્સ લગાવાયા હતા. તે સ્થળો પરની આસપાસના સીસીટીવી તપાસ્યા હતા. જેમાં એક શંકાસ્પદ બાઈકચાલક દેખાયો હતો. બાઈક નંબર અને તેના ચહેરા પરથી તે બોપલ આંબલી રોડ પર સ્થિત એક એપાર્ટમેન્ટમાં રહેતો માધવિન કામથ હોવાનું જાણવા મળ્યું હતું.

આ અંગે વધુ માહિતી આપતી સાયબર ક્રાઈમ સેલના એસીપી હાર્દિક માકડીયાએ જણાવ્યું કે ગુનો નોંધવામાં આવ્યો તે સમયે માધવિન કામથ ફ્રાન્સમાં એક ટુર્નામેન્ટ રમવા માટે ગયો હતો. જો કે ભારત પરત આવીને નાસી ન જાય તે માટે લુક આઉટ નોટીસ ઈસ્યુ કરવામાં આવી હતી.

ગત શનિવારે તે ફ્રાન્સથી મુંબઈ એરપોર્ટ પર પરત આવ્યો ત્યારે ઈમીગ્રેશન વિભાગે તેની અટકાયત કરીને અમદાવાદ સાયબર ક્રાઈમને જાણ કરી હતી. જેના આધારે તેને મુંબઈથી લાવીને સત્તાવાર ધરપકડ કરવામાં આવી છે. આ કેસની તપાસ માટે તેનો મોબાઈલ ફોન જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક પુછપરછમાં જાણવા મળ્યું હતું કે યુવતીએ માધવિનને કોઈ બાબતે તકરાર થતા વાંધાજનક શબ્દો કહ્યા હતા. જેથી માધવિને બદલો લેવા માટે આ પોસ્ટર બનાવ્યા હતા. આ અંગે માધવિનની વધુ પુછપરછ હાથ ધરવામાં આવી છે.